Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૩ મું. આત્મ સં. ૫૦ સંવત ૨૦૦૨.

અંક ૫ મો. માર્ગશીર્ષ : ડીસેમ્બર

પ્રકાશક—

— : શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર : —

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧ | જિનેશ્વર સ્તુતિ ... ... ... | ...( ઝવેરી મૂલચંદ આશારામ વૈરાટી ) | ૬૫ |
| ૨ | એ નયનો !... ... ... ... | ... ( ઝવેરી ) ... ... | ૬૫ |
| ૩ | વિચારશ્રેણી ... ... ... ... | ...( લે. આ. શ્રી વિજયકસ્તુરસૂરિ મહારાજ ) | ૬૬ |
| ૪ | સંક્ષિપ્ત બોધવચનમાળા ... ... | ...( આ. શ્રી વિજયપદ્મસૂરિ ) | ૬૮ |
| ૫ | આત્માનો આધ્યાત્મિક વિકાસક્રમ ... | ...( મુનિ શ્રી પુણ્યવિજયજી ) | ૭૨ |
| ૬ | કલિકાલસર્વજ્ઞ આચાર્યશ્રી હેમચન્દ્રાચાર્યજીની જીવન ઝરમર | ...( મુનિશ્રી ન્યાયવિજયજી ) | ૭૪ |
| ૭ | પ્રમાદથી સત્યાનાશ ... ... ... | ...( લે૦ ચોકસી ) | ૭૯ |
| ૮ | સમ્યગ્ જ્ઞાનની કુંચી: યોગની અદ્ભુત શક્તિ મૂળ | ...( લે૦ શ્રી ચંપતરાય જૈની ) | ૮૧ |
| ૯ | સ્વીકાર, સમાલોચના... ... ... | ...( સભા ) | ૮૮ |
| ૧૦ | વર્તમાન સમાચાર ... ... ... | ...( સભા ) | ૮૮ |


## આ માસિકના લેખક મહાશયોને નમ્ર વિનંતિ.

આવતા ( સને ૧૯૪૬ ના ) જાન્યુઆરી માસથી શ્રી આત્માનંદ પ્રકાશ માસિક દર મહિનાની દશમી તારીખે પોસ્ટલ ગવર્નમેન્ટ ખાતાથી પ્રગટ કરવાની મંજુરી મળી છે, તો વિનંતિ કે સર્વ લેખક મહાશયોએ કૃપા કરી દર મહિનાની પચીશમી તારીખ સુધીમાં પ્રગટ કરવાના લેખો મોકલી આપવા વિનંતિ છે.

## અમારૂં સાહિત્ય પ્રકાશન ખાતું ( પ્રેસમાં ).

તપોરત્ન મહોદધિ-પ્રતાકારે, શ્રી બૃહત્ કલ્પસૂત્ર છેલ્લો છઠ્ઠો ભાગ, શ્રી ત્રિષષ્ઠી શ્લાકા પુરૂષ ચરિત્ર મૂળ તથા શ્રી સંઘપતિ ચરિત્ર, શ્રી પાર્શ્વ ચરિત્ર તથા શ્રી વસુદેવ હિંડી-ભાષાંતર અને શ્રી મહાવીરના સમયની મહાદેવીઓ છપાય છે, શ્રી વસુદેવ હિંડીમાં આર્થિક સહાયની જરૂર છે. શ્રી અજિતનાથ ચરિત્ર, શ્રી સંભવનાથ ચરિત્ર, શ્રી સુમતિનાથ ચરિત્ર, શ્રી શાંતિનાથ ચરિત્ર, શ્રી મલ્લીનાથ ચરિત્ર તથા શ્રી નેમિનાથ ચરિત્ર પૂર્વાચાર્યકૃત વિસ્તારપૂર્વક, ગુજરાતી ભાષામાં, શ્રી આદિનાથ પ્રભુ જેવા સુંદર વિવિધ રંગોથી સચિત્ર, અનુપમ છપાવવાના છે. કોઈ પુણ્ય પ્રભાવક જૈન બંધુઓની આર્થિક સહાય મળે છપાવવાનું કામ શરૂ થશે.

## યોજનામાં—

આદર્શ મહાન પુરૂષ, શ્રી રામચંદ્રજી ( સચિત્ર ) ચરિત્ર.

## સ્ત્રી ઉપયોગી.

આદર્શ-જગતવંદનીય સતી શ્રી સીતાજીનું ચરિત્ર, ૨ શ્રી દમયંતી ચરિત્ર, એ મહાસતીઓના સુંદર જીવન ચરિત્ર તથા કોઈપણ જૈન બ્હેનોને આદર્શ થવા માટે ખાસ ઉપયોગી છે. છપાવવાની યોજના

( અનુસંધાન ટાઇટલ પાનું ૩ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

વીર સં. ૨૪૭૨. માર્ગશીર્ષ. પુસ્તક ૪૩ મું.

વિક્રમ સં. ૨૦૦૨. :: ઇ. સ. ૧૯૪૫ ડીસેમ્બર :: અંક ૫ મો.

## જિનેશ્વર સ્તુતિ.

એ! કલ્પતરુ એ! કામધેનુ, એ! સકળ સુખની વેલડી;
એ! તિમિરટાળક જ્યોતિ ઝળહળ, એ! સુરત સાકર શેલડી.

**ઝવેરી મૂલચંદ આશારામ વૈરાટી.**

---

## એ નયનો!

રાગ–ભીમપલાસ.

એ! નયનો અમીરસથી ભરીયાં! એ! વયણો સુધારસ ભરીયાં. એ! નયનો.
એ! ત્યાગી તપસ્વી વૈરાગી, એની આંખલડી કરુણા ભીની. એ! નયનો. ૧
એ! શુકલધ્યાનના બીજા પાયે, ઉતર્યાં ઓજસ અજવાળાં. એ! નયનો. ૨
ગુણ પાંત્રીશે ભરી એ વાણી, એણે સંશય છેદ્યા અંતરના. એ! નયનો. ૩
દ્રવ્યભાવ નિશ્ચય વ્યવહારે, એ! ભેદ ઉકેલે ભીતરના. એ! નયનો. ૪
એ! રચતા દ્વાદશ અંગો જ્યારે, ચરણા સેવત **વૈરાટી.** એ! નયનો. ૫

ઝવેરીવાડ
વૈરાટીનિકેતન
**અમદાવાદ.**

**ઝવેરી મૂલચંદ આશારામ વૈરાટી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'વિચારશ્રેણી'

લેખકઃ-આ. શ્રી વિજયકસ્તૂરસૂરિ મહારાજ.

આત્મા વસ્તુ માત્રને વાપરે છે; પણ તે પોતાની પદ્ધતિ પ્રમાણે. તેની ખબર પોતાને પડતી નથી એટલું પોતાનું અણુજાણુપણું કહેવાય. ઇન્દ્રિયોદ્વારા વપરાતી વસ્તુમાં પદ્ધતિફેર હોવાથી પોતાની પદ્ધતિને ભૂલી જાય છે અને ઇન્દ્રિયોની પદ્ધતિને પોતાની માની લે છે માટે મિથ્યાદષ્ટિ-અજ્ઞાની કહેવાય છે.

ત્યાગ અને રાગ એ બે અત્યંત ભિન્ન અને વિરોધી વસ્તુ છે માટે જ્યાં રાગ હોય ત્યાં ત્યાગ ન હોય અને જ્યાં ત્યાગ હોય ત્યાં રાગ ન હોય; કારણ કે ત્યાગ ઉપશમભાવે થાય છે અને રાગ ઔદયિક ભાવે થાય છે.

દોષોનો અણુજાણુ બીજાને દોષી કહેવાનો અધિકારી નથી.

પોતે દોષી બન્યા સિવાય બીજાના દોષો જોઈ શકાય નહીં.

કર્માધીન જીવ માત્ર દોષી છે; કારણ કે તેઓ પરાધીન છે. જ્યાં સુધી સાચી સ્વાધીનતા મળે નહીં ત્યાં સુધી નિર્દોષી બની શકાય નહીં; માટે જ સદોષી આત્મા કોઇને પણ દોષી કહી શકે નહીં. છતાં જો બીજાને દોષી કહે તો તે પરમાત્માનો ગુન્હેગાર છે; કારણ કે તે પોતાને નિર્દોષ માનીને જ બીજાને દોષી ઠરાવી જનતામાં તેને હલકો પાડવા પ્રયત્ન કરે છે.

જે બીજાની ભૂલ કાઢે છે તે પોતાને ભૂલતો નથી એમ માને છે, એ જ તેની મોટી ભૂલ છે; કારણ કે સંસારમાં જ્ઞાની સિવાય બધાયે ભૂલે છે. સાચું જાણ્યા સિવાયની પ્રવૃત્તિ માત્ર ભૂલભરેલી છે. ભૂલનું પરિણામ અહિત, અનિષ્ટ અને દુઃખદાયી છે તે કોઇ પણ જીવને ગમતું નથી તોયે ભૂલને ભૂલ નથી માનતા અને પરિણામે દુઃખ ભોગવે છે એ જ તેમની અજ્ઞાનતા છે.

અદેખાઈ, અસહિષ્ણુતા અને ઇર્ષ્યા દેખાય છે તો એક જેવાં છતાં આપસમાં કાંઈક અંતર રાખે છે. કોઇપણ કામમાં પોતાને નિષ્ફળતા અને બીજાને સફળતા મળતી જોઈને અદેખાઇ આવે છે; બીજાની પ્રશંસા સાંભળીને કે આદરસત્કાર થતો જોઇને અસહિષ્ણુતા થાય છે અને બીજાને રૂપ, બળ કે સંપત્તિ આદિમાં પોતાનાથી ચઢિયાતા જોઈને ઈર્ષ્યા થાય છે.

માર્ગનો અણુજાણુ વટેમાર્ગુ રસ્તો ભૂલતો હોય તો તેને માર્ગના ભોમિયાએ માર્ગ બતાવવો પણ તે તિરસ્કારથી નહીં પણ સત્કારથી. તિરસ્કારથી સાચો માર્ગ બતાવી શકાય નહીં, કારણ કે ભૂલનું પરિણામ છે. તેથી તે માર્ગ બતાવતાં ભૂલ કરવાનો જ. અવળી સમજ તથા પરાઇ પીડાની બેદરકારીથી માનવી માત્ર ભૂલના ભોગ બને છે.

વિકૃતિને ગમે તેટલી જાણે પણ પ્રકૃતિને જ્યાં સુધી જાણે નહીં ત્યાં સુધી જ્ઞાનીની પંક્તિમાં ભળી શકે નહીં. હિતકારી હોય કે અહિતકારી પણ મનગમતું માને અને કરે તે સ્નેહી અને અણુગમતું માને અને કરે તે નિસ્નેહી. બાકી તો જીવનમાં ઉપયોગી સ્નેહ કે નિસ્નેહ જેવી બીજી કોઇપણ વસ્તુ જ નથી.

લાભવાળું હોય કે હાનિવાળું પણ મનગમતું કહે અને વર્તે તે મિત્ર અને અણુગમતું કહે અને વર્તે તે તે શત્રુ. કોઇને પુન્યના ઉદયથી સુંદર તન, ધન તથા સંપત્તિ આદિ ભોગોપભોગની વસ્તુઓ મળી હોય તો તેનો ઉપભોગ કરવાને સહુ કોઈ લલચાય છે અને મળે તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજી થાય છે; પણ કોઇને સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્ર, સમભાવ, શાંતિ, ત્યાગ-વૈરાગ્ય મળ્યાં હોય તો તેને મેળવી વાપરવાને કોઇપણ સ્હાતું નથી. પ્રવાસી આત્માને ચાલવાના બે માર્ગ; એક આધ્યાત્મિક અને બીજો સાંસારિક. એટલે એક પોતાને ઘેર જવાનો અને બીજો દેશ પ્રદેશની મુસાફરી કરવાનો. પોતાને ઘેર જવાના રસ્તામાં કોઇપણ પ્રકારનો ભય કે ઉપદ્રવ નથી એટલે નિર્ભયપણે પોતે એકલો જઈ શકે છે. એને નથી રખવાળાની જરૂરત કે નથી કોઇ વાપરવાને બીજી વસ્તુની જરૂરત; કારણ કે એના ઘરમાં પોતાને વાપરવાની બધીય વસ્તુઓ છે. અને તે સ્વચ્છ, સાદી અને સાચી છે એટલે બહારની (પૌદ્ગલિક) કોઇપણ વસ્તુ ન રાખે તો ચાલી શકે છે; પણ દેશ પ્રદેશની મુસાફરીમાં તો એને બધુંય રાખવું પડે છે. મુસાફરીમાં ધર્મશાળાઓમાં (શરીરરૂપી) ઉતરવું પડે છે કે જ્યાં ઘર જેવી બિલકુલ સગવડ હોતી નથી. તેમાં બીજા (જીવો) ઘણાઓના ઉતારા હોય છે. કેટલાય આવે છે અને જાય છે. વાપરવાની વસ્તુઓ ખરીદવાને માટે દામ(પુન્ય)ની જરૂરત પડે છે. સારામાં સારી કીંમત (આત્મલક્ષ્મી) આપવા છતાં પણ વસ્તુ ખરાબ અને ભેળભેળવાળી, ખરાબ પોતાનું સ્વાસ્થ્ય બગડે તેવી મળે છે. રસ્તામાં અનેક પ્રકારના ભય અને ઉપદ્રવ હોવાથી પોતાને ઉપયોગી સમજી રાખેલી વસ્તુઓના બચાવ માટે રખવાળા રાખવા પડે છે. આ પ્રમાણે દરેક જાતની પરાધીનતા ભોગવવી પડે છે અને હેરાન થવું પડે છે તોયે આત્માને મુસાફરી ગમે છે; પણ ઘેર જવું ગમતું નથી.

જ્ઞાની સિવાય બધાયે વિદ્વાન અને બધાય મૂર્ખા કહી શકાય; કારણ કે ભાષા, કળા આદિ અનેક પ્રકારના વિષયો હોવાથી બધાયે વિષયોમાં કોઇપણ વ્યક્તિ નિષ્ણાત હોતી નથી. જે ભાષા અને કળામાં નિષ્ણાત હોય તેને આશ્રયી તે વિદ્વાન કહેવાય છે. અને તેનાથી અણજાણ હોય તેની અપેક્ષાએ મૂર્ખ કહેવાય છે; માટે કોઇપણ પ્રકારની ભાષા અથવા તો કળાદિ જાણીને અભિમાન રાખવું તે મોટી મૂર્ખતા જ કહી શકાય.

બીજાની ભૂલો કાઢવી તે બહુ જ સહેલું કામ છે કે જે મૂર્ખમાં મૂર્ખ માણસ પણ કરી શકે છે; પરંતુ ભૂલો ન કરવી તે ઘણું જ કઠણ કામ છે કે જેને કહેવાતા વિદ્વાનો પણ કરી શકતા નથી અને ગોથા ખાયા કરે છે. જ્ઞાની પુરુષોને પણ ભૂલ ન કરવા હંમેશાં અપ્રમાદી-સાવધાન રહેવું પડે છે; તો પછી વિષયાસક્ત પામરજીવોનું તો કહેવું જ શું ? પોતાને માટે અથવા તો પરના માટે, સારું હોય કે નરસું હોય પણ જે કાર્ય કરો તે પહેલાં આટલું તો જરૂર યાદ રાખવું કે આ જે કાંઇ હું કરું છું તે મારા માટે જ છે પણ બીજાને માટે નથી. આ કાર્યના સારા અથવા તો નરસા પરિણામનો-ફળનો ભોગી હું જ છું, તેમાં બીજાને કાંઈપણ લેવા-દેવા નથી.

ગમે તે બાબત બીજાને સમજાવવાની ઇચ્છા થાય તો સમજાવવી બહુ સારી વાત છે; પણ તમારે બીજાને જે કાંઇ સમજાવવું હોય તે પહેલાં પોતે સાચી તથા સારી રીતે સમજી લેજો; નહિં તો તમારી બુદ્ધિની કીંમત થઇ જશે અને પ્રામાણિકતા ખોઇ બેસશો.

પોતે નાના બનતાં શિખ્યા પછી જ મોટા બનવાની ઈચ્છા રાખવી; કારણ કે નાના બન્યા પછી જ મોટા બનાય છે. અર્થાત્ નાના હોય છે તે જ મોટા થાય છે પણ મોટા, મોટા બની શકતા નથી. આ વાતનો સારી રીતે વિચાર કરશો તો સ્પષ્ટ સમજાશે.

બીજાનું ગાયું ગાઓ તો અણજાણપણે ગાશો નહીં; નહીં તો જાણુ આગળ હાંસીનું પાત્ર બનશો !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંક્ષિપ્ત બોધવચનમાળા

લેખકઃ-આ૦ શ્રી વિજયપદ્મસૂરિ

( ગતાંક પૃષ્ઠ૦ ૨૪ થી શરૂ )

૭૯ દરેક કામ બહુ જ વિચારીને કરવું કે જેથી પસ્તાવવાનો વખત ન આવે. ઉતાવળે વગર વિચારે કામ કરવાથી હૃદયને બાળે એવું ભયંકર પરિણામ આવે છે. કહ્યું છે કે—**सगुणमपगुणं वा कुर्वता कार्यजातं, परिणतिरवधार्या यत्ननः पण्डितेन ॥ अतिरभसकृतानां कर्मणामाविपत्ते-र्भवति हृदयदाही शल्यतुल्यो विपाकः ॥**

૮૦ અવિવેક એ પરમ આપત્તિનું કારણ છે એમ સમજીને દરેક પ્રસંગે વિવેકથી બોલવું, વિવેકથી પ્રવૃત્તિ કરવી.

૮૧ સામો માણુસ આપણુને ગાળો ઘે એમાં નવાઇ શી ? તે પોતાની પાસે જ છે તે જ આપે છે. કોઇ કોઇને શશલાનું શિંગડું આપતો નથી એમ વિચારીને સમજુ જીવોએ ગાળ દેવી નહિ પણ ત્યાંથી ખસી જવું, મૌન ધારણ કરવું, ક્ષમા રાખવી. ટુંકામાં કહ્યું પણ છે કે—**वदतु वदतु गाली गालिमन्तो भवन्तो, वयमपि तदभावाद् गालिदानेऽसमर्थाः । जगति विदितमेतद् दीयते विद्यमानं, नहि शशकविषाणं कोऽपि कस्मै ददाति ॥ १ ॥**

૮૧. ૧ હંમેશા સુંદર મંગલોની શ્રેણિ, ૨ ઉત્તમ સંપત્તિ, ૩ વિવિધ પ્રકારના સુખ, ૪ ઇષ્ટ પદાર્થની પ્રાપ્તિ, ૫ વિશાલ બુદ્ધિ, ૬ સર્વ સ્થળે કાર્યસિદ્ધિ-આ બધા લાભ પરમ ઉલ્લાસથી ધર્મારાધન કરનાર ભવ્ય જીવો પામે છે. કહ્યું છે કે—**दिने दिने मञ्जुलमंगलावलिः, सुसंपदः सौख्यपरंपरा च॥ इष्टार्थसिद्धिर्बहुला च बुद्धिः, सर्वत्र सिद्धिः सृजतां सुधर्मम् ॥ १ ॥**

૮૨. આ શરીર રસ, રુધિર, માંસ, મેદ, હાડકાં, મજ્જા, વીર્ય. આ સાત ધાતુનું બનેલું છે. તેનો ટકાવ મનની મજબૂતાઇના આધારે છે એટલે જેટલે અંશે મનની દઢતા હોય, તેટલે જ અંશે શરીરમાં દઢતા (મજબૂતાઇ) સંભવે છે. મન નબળું બને તો ધાતુઓ નાશ પામે છે. જો મન સ્વસ્થ હોય તો જ સદ્‌વિચારો ધારાબદ્ધ ચાલે છે. ચિત્ત જો સ્વસ્થ ન હોય, તો સદ્-

---

લોકમત કેળવ્યા સિવાય કોઈપણ કાર્યમાં સફળતા મળી શકતી નથી. કદાચ દૈવયોગે સફળતા મળી જાય તો પણ પરિણામે તો સુખશાંતિથી વંચિત જ રહેવાય છે.

તમારી પ્રવૃત્તિ માત્રમાં સ્વાર્થ તથા પરમાર્થ બંનેનો આદર થવો જોઇએ. જો કેવળ સ્વાર્થનો જ આદર થશે તો સાચો લાભ ખોઇ બેસશો અને આત્માનું અહિત કરી અધોગતિના પાત્ર બનશો.

પ્રામાણિકતા સર્વોત્તમ ગુણ છે અને તે માનવ જીવનનું ભૂષણ છે, માટે ધનની પણ પરવા ન રાખીને પ્રમાણિકપણાની સંપત્તિ જાળવી રાખશો. સ્વાર્થદષ્ટિથી કદાચ ન જાળવી શકતા હો તો પણ પરમાર્થ દષ્ટિથી તો જરૂર જાળવો; નહિં તો તમારા બંને ભવ બગડશે.

લાભ કે નુકશાન વ્યવસાયીને હોય છે; પણ નિરુદ્યમીને કશું હોતું નથી. કોઇને કાંઇપણ સલાહ આપો તો સુબુદ્ધિથી આપવી; પણ કબુદ્ધિથી નહીં. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચારો પ્રકટ ન જ થાય, કહ્યું છે કે—**चित्तायत्तं धातुबद्धं शरीरं, नष्टे चित्ते धातवो यांति नाशं। तस्माच्चित्तं यत्नतो रक्षणीयं, स्वस्थचित्ते बुद्धयः संचलन्ति ॥१॥**

૮૩ શુભ અશુભ કર્મોના બંધમાં અને મોક્ષમાં મનના શુભ અશુભ વિચારો કારણ છે. મરુદેવી માતા ને ભરત ચક્રવર્તી વગેરેને શુભ ભાવથી કેવલજ્ઞાન પ્રકટ થયું, ને તંદુલીઓ મત્સ્ય અશુભ ભાવને લઇને સાતમી નરકમાં જાય છે. **मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः॥**

૮૪ દરેક કર્મના દલિયા જરૂર ભોગવવા જ જોઇએ. આ મુદ્દાથી કહ્યું છે કે—**अवश्यमेव भोक्तव्यं, कृतं कर्म शुभाशुभं । नाभुक्तं क्षीयते कर्म कल्पकोटीशतैरपि ॥ १ ॥**

૮૫ કર્મના રસને ભોગવવાની બાબતમાં ભજના સમજવી એટલે તે ભોગવાય જ એવો નિયમ નહિ.

૮૫ કર્મના રસને આધારે સ્થિતિનો નિયમ થાય છે. એટલે રસના પ્રમાણમાં સ્થિતિ હોય. લાડવામાં જેટલા પ્રમાણમાં ઘી હોય, તેને અનુસારે સ્થિતિકાલ હોય છે એ સુપ્રસિદ્ધ છે.

૮૬ ૧ જ્ઞાનાવરણીય, ૨ દર્શનાવરણીય, ૩ મોહનીય, ૪ અંતરાય, આ ચાર ઘાતી કર્મો જાણવા અને વેદનીય, આયુષ્ય, નામ, ગોત્રકર્મ આ ચાર અઘાતી કર્મો જાણવા.

૮૭ ખરા બંધન બે છે, ૧ રાગબંધન, ૨ દ્વેષબંધન. રાગદ્વેષથી જે બચ્યો, તે સર્વથી બચ્યો કહેવાય. ક્રોધ, માન એ દ્વેષરૂપ છે, માયા લોભ એ રાગરૂપ છે.

૮૮ જેમ ચીકાશવાળા વસ્ત્રને ધૂળ ચોટે તેમ રાગદ્વેષની ચીકાશને લઇને કર્મબંધ થાય છે.

૮૯ યોગથી પ્રકૃતિબંધ, પ્રદેશબંધ થાય ને કષાયથી સ્થિતિબંધ રસબંધ થાય, કહ્યું છે કે—**जोगा पयडिपएसं-ठिइअणुभागं कसायाओ ॥**

૯૦ પરોપાધિની પૂર્ણતા એ બીજાની પાસેથી માંગી લાવેલા ઘરેણાં જેવી ક્ષણિક છે અને સ્વાભાવિકી પૂર્ણતા જાતિવંત રત્નના જેવી કાયમ રહેનારી છે. કહ્યું છે કે—**पूर्णता या परोपाधेः सायाचितकमंडनम् ॥ या तु स्वाभाविकी सैव जात्यरत्नविभानिभा ॥१॥**

૯૧ જો આ જીભ એક ઉત્તમ વચન વિચારીને બોલે તો તેને સાંભળનારા ઘણાં જીવો ઘણાં ગુણો પામીને નિર્મલ જીવન ગુજારે. આ અપેક્ષાએ કહ્યું છે કે-જીભમાં અમૃત રહ્યું છે ને એક ખરાબ વચન બોલે, તો તે સાંભળતાં ઘણાં જીવો અધર્મને રસ્તે દોરાઇને સ્વજીવનને ધૂળ જેવું કરી દે છે. આ અપેક્ષાએ કહ્યું છે કે-જીભમાં ઝેર પણ રહ્યું છે. આખો દુહો આ પ્રમાણે જાણવો.-જીહ્વામાં અમૃત વસે, વિષ ભી ઉન્કી પાસ; એકે બોલે કોડી ગુણ, એકે કોડી વિનાશ ॥ ૧ ॥

૯૨ કષ=સંસાર, આય=લાભ જેનાથી થાય, તે કષાય કહેવાય. કષાયની સાથે જે રહે અથવા કષાયને ઉત્તેજન આપે, તે નોકષાય કહેવાય.

૯૩ કોઇ પણ જીવ પાપ ન કરો, કોઈ પણ જીવ દુઃખી ન થાવ, સર્વ જીવો કર્મથી મુક્ત થઇને મુક્તિના અવ્યાબાધ સુખ પામે. આ ભાવના મૈત્રી ભાવના કહેવાય.

૯૪ આપણાં કરતાં વધારે ગુણોને ધારણ કરનારા શીલવંત, બાલદીક્ષિત, દાનેશ્વરી, તપસ્વી આદિને જોઇને રાજી થવું, તેમના ગુણોની અનુમોદના કરવી. એ પ્રમોદ ભાવના કહેવાય.

૯૫ દ્રવ્યાદિકના ભોગે પણ બીજા જીવોને બચાવવા, તે દ્રવ્યદયા કહેવાય અને ધર્મારાધનમાં અસ્થિર બનેલા જીવોને સારણા, વારણા, ચોદના, પ્રતિચોદના કરીને ધર્મમાં સ્થિર કરવા એ ભાવદયા કહેવાય. જેઓ દુઃખને ભોગવી રહ્યા છે, ભયથી વિહ્વલ બનેલા છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભયંકર રોગાદિની વેદના સહીસહીને દીન બની ગયા છે, તેમને જોઇતા સાધનો દઇને, મદદ દઈને, આશ્વાસન વગેરે યોગ્ય ઉપાયો યોજીને, દુઃખ પીડા વેદનાથી મુક્ત કરવાની જે ભાવના તે કારુણ્ય ભાવના કહેવાય. કહ્યું છે કે—

**दीनेष्वार्त्तेषु भीतेषु याचमानेषु जीवितम् ॥**
**प्रतीकारपरा बुद्धिः कारुण्यमभिधीयते: ॥ १ ॥**

સામા જીવો પોતાના કર્મે દુઃખી થયા છે, પણ તેઓ કારુણ્ય ભાવનાવાળા આત્માને સંસારસાગર તરવા તુંબડા જેવા છે, એમ સમજીને દુઃખીના દુઃખ ટાળવાની ભાવના નિરંતર હૃદયમાં રાખવી.

૯૬ જેઓ અજ્ઞાન મોહાદિની પરાધીનતાને લઈને ભયંકર પાપકર્મો અવિવેકભાવે આચરતા હોય, નીડરપણે દેવગુરુની નિંદા અને પોતાની પ્રશંસા કરતા હોય, તેઓ ઉપદેશ દેતાં પણ ઠેકાણે ન આવે, અથવા ઉપદેશ દેવાને અયોગ્ય હોય, તેવા પ્રસંગે તેમની ઉપર ગુસ્સે ન થતાં જે ઉપેક્ષા કરવી, તે માધ્યસ્થ્ય ભાવના કહેવાય. કહ્યું છે કે—**क्रूरकर्मसु निशंकं देवतागुरुनिंदिषु ॥ आत्मशंसिषु योपेक्षा, तन्माध्यस्थ्यमुदीरितम् ॥१॥**

૯૭ અનિત્યભાવના—શરીર, ધન, વિષયાદિના સાધનો ક્ષણભંગુર છે. જે વસ્તુ હું જન્મતા સાથે લાવ્યો નથી, મરતાં સાથે લઈ જવાનો નથી; કારણ કે આ જીવ સ્ત્રી ધન વાડી ગાડી વગેરે મૂકીને જ પરભવમાં જાય છે. પરભવમાં ગયા બાદ પાછલા ભવની ધનાદિ બીના યાદ પણ આવતી નથી. આ રીતે જે વસ્તુઓ આદિકાળમાં (જન્મતાં) નથી ને અંતે પણ (મરતાં પણ) સાથે આવતી નથી. તે વસ્તુઓ મધ્યકાલમાં કઈ રીતે સ્થિરભાવે રહી શકે? જે વસ્તુ સવારે દેખાય, તે બપોરે નાશ પામે, બપોરે જોએલી સાંઝે નાશ પામે. આ રીતે સાંસારિક પદાર્થનો સંયોગ વિયોગવાળો જ છે, એમ જે વિચાર કરવો તે અનિત્ય ભાવના કહેવાય. આ અનિત્ય ભાવનાથી ભરત મહારાજાદિને કેવલજ્ઞાન પ્રકટ થયું હતું.

૯૮ અશરણ ભાવના—સ્ત્રી પુત્રાદિ પરિવાર જ્યાંસુધી સ્વાર્થ સધાય ત્યાં સુધી જ સગાઇ રાખે છે; મરણની પીડા ભોગવતાં જીવને કોઇ પણ બચાવી શકતું નથી. જીવ મોહથી જેને શરણ લેવા લાયક માને છે તે ખરે અવસરે જરૂર ખસી જાય છે. સિંહના પંઝામાં સપડાયેલા હરિણના જેવી સંસારી જીવનની સ્થિતિ છે.

આ રીતે અશરણ ભાવના ભાવીને મોહને લીધે માનેલા ખોટા શરણનો ત્યાગ કરીને અરિહંત, સિદ્ધ, સાધુ ને જિનધર્મનું શરણ અંગીકાર કરવું.

૯૯ સંસાર ભાવના—દેવાદિ ચારે ગતિમાં જન્મ મરણ કરી રહેલા જીવોમાંનો એક પણ જીવ ખરો સુખી છે જ નહિ. વિવિધ પ્રકારના દુઃખોથી ભરેલા સંસારમાં જેમ મસાણીયા લાડવામાં એલચીનો સ્વાદ ન હોય તેમ ખરા સુખનો લેશ પણ નથી, કેવલ વધાદિના દુઃખો જ અહીં સહન કરવા પડે છે માટે સંસાર એ કેવલ દુઃખોથી ભરેલો છે એમ જે વિચારવું તે સંસાર ભાવના કહેવાય. આનું ફલ એ છે કે-સંસાર પ્રત્યે અરૂચિ જાગવી, પરિણામે ત્યાગ કરવાની ઇચ્છા થાય, સંયમની આરાધના કરી આત્મકલ્યાણ કરી શકાય.

૧૦૦ એકત્વ ભાવના—હું એકલો જ જન્મ્યો છું ને મરતી વખતે પણ એકલો જવાનો છું. સ્ત્રી વગેરે પરિવારમાંથી કોઇપણ સાથે આવતા જ નથી. તેમના મોહને લઇને બાંધેલા કર્મો મારે એકલાને જ ભોગવવા પડશે. આ રીતે વિચારી મમતા ભાવ ઘટાડવો એ એકત્વ ભાવના કહેવાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૦૧ અન્યત્વ ભાવના—આત્મા શરીરથી જૂદો છે કારણ કે આત્માનું સ્વરૂપ જ્ઞાનાદિમય છે અને શરીર એ વર્ણાદિ ધર્મોવાળું છે માટે બંને કઇ રીતે એક હોઇ શકે? જ્યારે બંને ભિન્ન છે તો અનિત્ય જૂદા શરીરને નિમિત્તે પાપકર્મ કરી શામાટે આત્માને મલિન કરવો? ન જ કરવો જોઇએ. આ રીતે જે વિચાર કરવો તે અન્યત્વ ભાવના કહેવાય.

૧૦૨ અશુચિ ભાવના—શરીરના મૂળ તથા ઉત્તર કારણો અપવિત્ર છે, તો પછી તેવા કારણોથી બનેલું શરીર અપવિત્ર હોય જ એમાં નવાઇ શી? આવા શરીર ઉપર મોહ રાખી મારે ચીકણાં કર્મ બાંધવા તે અનુચિત છે. ધર્મારાધન કરી કાયાને સાર્થક કરવી એ જ વ્યાજબી છે. આવો જે વિચાર કરવો તે અશુચિ ભાવના કહેવાય.

૧૦૩ આશ્રવભાવના—ક્યા કારણોથી ક્યા ક્યા કર્મો બંધાય છે? તે બાબતનો બરોબર વિચાર કરવો એ આશ્રવભાવના કહેવાય. કર્મના કારણો જાણનાર ભવ્ય જીવ તેવા કારણોને સેવતો નથી.

૧૦૪ સંવર ભાવના—કર્મબંધના કારણોને તે દરેકના વિરોધી કારણોને સેવીને અટકાવવા એટલે સમિતિ, ગુપ્તિ આદિ ૫૭ ભેદોને સેવના કરવાની જે વિચારણા તે સંવરભાવના કહેવાય. આ ભાવના આશ્રવભાવનાની વિરોધી છે. ક્ષમાથી ક્રોધ, નમ્રતાથી માન, સરલતાથી માયા, લોભને સંતોષથી જીતાય, સંયમથી વિષયવાસનાને જીતાય, ગુપ્તિથી યોગોને, અપ્રમાદભાવથી પ્રમાદને, અને શુભ ધ્યાનથી અશુભ ધ્યાનને જીતાય.

૧૦૫ નિર્જરા ભાવના—સકામ નિર્જરા તથા અકામ નિર્જરાના સ્વરૂપની ચિંતવના એ નિર્જરા ભાવના કહેવાય. એકેંદ્રિયાદિને ઇરાદા વિના તાપ વગેરેની પીડા સહન કરવાથી જે કર્મ નિર્જરા થાય તે અકામ નિર્જરા કહેવાય, ને ઇરાદાપૂર્વક તપશ્ચર્યાદિ કરવાથી જે કર્મ નિર્જરા થાય તે સકામ નિર્જરા કહેવાય. દેશથી કર્મનો ક્ષય થવો તે નિર્જરા ને સર્વથા સંપૂર્ણ જે કર્મોનો ક્ષય થવો તે મોક્ષ કહેવાય.

૧૦૬ લોકભાવના—ચૌદ રાજલોકના સ્વરૂપની ચિંતવના કરી તેમાં છેવટે સિદ્ધશિલામાં રહેલા સિદ્ધના સુખો વિચારવા તે લોકભાવના કહેવાય. આ ભાવના ભાવતાં સિદ્ધિના સુખો મોક્ષમાર્ગની આરાધના કરવાથી મળે છે, ને તે જ વાસ્તવિક સુખો છે એમ નિર્ણય થઇ શકે છે.

૧૦૭ બોધિદુર્લભ ભાવના—દુર્લભ મનુષ્યપણામાં શ્રી જિનવચનને સાંભળનારા જીવોમાં પણ કેટલાએક મહાભાગ્યશાલી જીવોને જ પ્રભુદેવના વચન ઉપર નિર્મલ શ્રદ્ધા ભાવ થાય છે. બીજા સામાન્ય જીવોને શ્રદ્ધાભાવ થતો જ નથી; માટે સમ્યગ્ દર્શન પામવું એ મહાદુર્લભ છે. આવી જે વિચારણા કરવી તે બોધિદુર્લભભાવના કહેવાય. આમાં સમકિતના ૬૭ ભેદોની વિચારણા આવી જાય.

૧૦૮ ધર્મભાવના—પરમકૃપાલુ શ્રી તીર્થંકર દેવે જણાવેલો ત્રિપુટીશુદ્ધ ધર્મ સંસારસમુદ્રને તરવા માટે સ્ટીમરના જેવો છે, કર્મરૂપી લાકડાને બાળવા અગ્નિ જેવો છે, આપત્તિરૂપી પર્વતોને ભેદવા વજ્ર સમાન છે, ભાગ્યરૂપ કમલને વિકસાવવા સૂર્યની જેવો છે—આવો ધર્મ મહાપુણ્યનો ઉદય હોય તો જ મળે. મહાપુણ્યોદયે જિનધર્મને પામીને પરમ ઉલ્લાસથી જે ભવ્ય જીવો સાધે તે જરૂર મોક્ષના અવ્યાબાધ સુખો પણ પામે છે. આ રીતે જે વિચાર કરવો તે ધર્મભાવના કહેવાય. ( સંપૂર્ણ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માનો આધ્યાત્મિક વિકાસક્રમ

લેખકઃ—**મુનિશ્રી પુણ્યવિજયજી**—( ગતાંક પૃષ્ઠ ૫૯ થી શરૂ. )

બોધ, વીર્ય અને ચારિત્રની તરતમભાવની અપેક્ષાએ આ અસત્ દૃષ્ટિના પણ ચાર ભેદ કરીને મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનની અન્તિમ અવસ્થાનો શાસ્ત્રમાં વિશદ ઉલ્લેખ કરેલો છે. આ ચાર દૃષ્ટિઓમાં જે વર્તમાન હોય છે, તેને સદ્દૃષ્ટિનો લાભ પ્રાપ્ત કરવામાં વાર લાગતી નથી.

સદ્બોધ, સદ્વીર્ય અને સચ્ચારિત્રની તરતમભાવની અપેક્ષાએ સદ્દૃષ્ટિના પણ ચાર વિભાગ કરેલા છે, જેમાં મિથ્યાદૃષ્ટિનો ત્યાગ કરી અથવા મોહની એક યા બે શક્તિઓને જીતી આગળ વધેલા વિકસિત આત્માઓનો સમાવેશ થઇ જાય છે. અથવા બીજી રીતે કહીએ તો જેમાં આત્માનું સ્વરૂપ ભાસિત હોય અને એની પ્રાપ્તિ માટે મુખ્ય પ્રવૃત્તિ હોય તે સદ્દૃષ્ટિ. એમાંથી વિપરીત જેમાં આત્માનું સ્વરૂપ ન તો યથાવત્ ભાસિત હોય અને ન તો તેની પ્રાપ્તિ માટે પ્રવૃત્તિ હોય તે અસતદૃષ્ટિ.

બોધ, વીર્ય અને ચારિત્રના તરતમભાવને લક્ષ્યમાં રાખી શાસ્ત્રમાં બન્ને દૃષ્ટિના ચાર ચાર વિભાગ પાડેલા છે, જેમાં સર્વે વિકાસગામી આત્માઓનો સમાવેશ થઇ જાય છે અને જેનુ વર્ણન જાણવાથી આધ્યાત્મિક વિકાસનું ચિત્ર આંખો સામે ખડું થઇ જાય છે. એ જાણવાને માટે ભ૦ હરિભદ્રસૂરિકૃત યોગદૃષ્ટિસમુચ્ચય તથા પૂ. ઉ૦ યશોવિજયજીકૃત ૨૧ થી ૨૪ સુધી ચાર દ્વાત્રિંશિકા જોવી જોઇએ.

આત્મા અનાદિ કાળથી જન્મ-મૃત્યુના પ્રવાહમાં પડેલો, અનેક શારીરિક તથા માનસિક દુઃખોને અનુભવતો અજ્ઞાનપણામાં-અનાભોગથી ગિરિ-નદી-પાષાણના ન્યાયથી જ્યારે આત્માનું આવરણ કંઇક શિથિલ થાય છે, અને એનું કારણ તે આત્માને અનુભવ તથા વીર્યોલ્લાસની માત્રા કંઇક વધે છે ત્યારે તે વિકાસગામી આત્માના પરિણામોની શુદ્ધિ તથા કોમલતા કંઇક વધે છે. જેથી કરી રાગ-દ્વેષની તીવ્રતમ દુર્ભેદ ગ્રન્થિને તોડવાની યોગ્યતા ઘણે અંશે પ્રાપ્ત કરી લે છે. આ અજ્ઞાનપૂર્વક દુઃખ સંવેદનાજનિત અતિ અલ્પ આત્મશુદ્ધિને જૈન શાસ્ત્રમાં '**યથાપ્રવૃત્તિકરણ**' કહેવાય છે. ત્યારબાદ જ્યારે અધિક આત્મશુદ્ધિ તથા વીર્યોલ્લાસની માત્રા વધે છે ત્યારે રાગ દ્વેષની દુર્ભેદ વિષગ્રન્થિનો ભેદ કરી શકે છે. આ ગ્રન્થિભેદકારક આત્મશુદ્ધિને '**અપૂર્વકરણ**' કહે છે. કારણ કે એવું કરણ-પરિણામ વિકાસગામી આત્માને માટે અપૂર્વ-પ્રથમ જ પ્રાપ્ત થાય છે. ત્યારબાદ એથી પણ આત્મશુદ્ધિ તથા વીર્યોલ્લાસની માત્રા કંઇક અધિક વધે છે ત્યારે આત્મા મોહની પ્રધાનભૂત શક્તિ-દર્શનમોહ પર અવશ્ય વિજયલાભ પ્રાપ્ત કરે છે. આ વિજયકારક આત્મશુદ્ધિને જૈનશાસ્ત્રમાં '**અનિવૃત્તિકરણ**' કહેવાય છે. કારણ કે આત્મશુદ્ધિ પ્રાપ્ત કર્યેથી આત્મા દર્શનમોહ પર વિજયલાભ પ્રાપ્ત કર્યા સિવાય રહેતો નથી અર્થાત્ તે પાછો હઠતો નથી. ઉક્ત ત્રણ પ્રકારની આત્મશુદ્ધિમાં બીજી અર્થાત્ 'અપૂર્વકરણ' નામક શુદ્ધિ જ અત્યંત દુર્લભ છે; કારણ કે રાગદ્વેષના તીવ્રતમ વેગને રોકવાનું અત્યંત કઠીન કાર્ય એના દ્વારા થઇ શકે છે જે સહજ નથી. એક વાર આ કાર્યમાં સફલતા પ્રાપ્ત થઈ જાય તો ફેર ચાહે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિકાસગામી આત્મા ઉપરની કોઇ ભૂમિકાથી ગબડી પડે તો પણ ફરી કોઇ ને કોઇ વાર પોતાના લક્ષ્યને–આધ્યાત્મિક પૂર્ણ સ્વરૂપને પ્રાપ્ત કરી લે છે. આ આધ્યાત્મિક પરિસ્થિતિનું સ્વરૂપ અનુભવગત વ્યવહારિક દૃષ્ટાન્તદ્વારા કહેવાય છે.

જેમ કોઇ એક એવું વસ્ત્ર છે કે જેમાં મેલથી અતિરિક્ત ચિકણાપણું પણ લાગેલું છે, તે વસ્ત્રનો મેલ ઉપર ઉપરથી દૂર કરવો એટલો કઠિન અને શ્રમસાધ્ય નથી, તેટલી ચિકાશ દૂર કરવામાં છે. અર્થાત્ મેલ કરતાં ચિકાશ દૂર કરવી એ કષ્ટસાધ્ય છે. જો એક વાર ચિકાશપણું દૂર થઇ જાય તો ફેર બાકીનો મેલ દૂર કરવામાં કિંવા કારણવશ ફરી લાગેલા મેલને દૂર કરવામાં વિશેષ શ્રમ પડતો નથી અને વસ્ત્રને અસલી સ્વરૂપમાં સહજમાં લાવી શકાય છે. ઉપર ઉપરનો મેલ દૂર કરવામાં જે બલ વપરાય છે એની સદૃશ 'યથાપ્રવૃત્તિ કરણ' છે, ચિકાશપણું દૂર કરવામાં વિશેષ બલ તથા શ્રમની સમાન 'અપૂર્વ–કરણ' છે કે જે ચિકાશની સરખી રાગદ્વેષની તીવ્રતમ ગ્રન્થિને શિથિલ કરે છે. બાકી બચેલા મલ કિંવા ચિકાશ દૂર થયા બાદ ફરીને લાગેલા મલને દૂર કરવાવાળા બલ–પ્રયોગની સમાન 'અનિવૃત્તિકરણ' છે. ઉકત ત્રણે પ્રકારના બલ–પ્રયોગમાં ચિકાશ દૂર કરવાવાળો બલ–પ્રયોગ જ વિશિષ્ટ છે.

એ પ્રકારે અપૂર્વ કરણરૂપ પરિણામદ્વારા રાગદ્વેષની અતિતીવ્રતા મટી ગયા પછી દર્શન-મોહ પરવિજય પ્રાપ્ત કરવો સહજ છે. દર્શનમોહ જીતાયો એટલે પહેલા ગુણસ્થાનની સમાપ્તિ થઈ.

ઉક્ત પ્રમાણે હોયે છતે જ વિકાસગામી આત્મા સ્વરૂપનું દર્શન કરી શકે છે અર્થાત્ આજ સુધી તે આત્માની જે છીપમાં રૂપાની ભ્રાન્તિની જેમ પરરૂપમાં સ્વરૂપની ભ્રાન્તિ હતી તે દૂર થઇ જાય છે. એથી જ તેના પ્રયત્નની ગતિ ઊલટી નહિ થતાં સીધી બની રહે છે અર્થાત્ તે વિવેકી બનીને કર્તવ્ય અકર્તવ્યનો વાસ્તવિક વિભાગ કરી લે છે. આ દશાને જૈન શાસ્ત્રમાં 'અન્તરાત્મભાવ' કહેવાય છે; કારણ કે આ સ્થિતિ પ્રાપ્ત કરીને વિકાસગામી આત્મા પોતાની અંદર વર્તમાન સૂક્ષ્મ અને સહજ એવા શુદ્ધ પરમાત્મ ભાવને દેખવા લાગે છે- અર્થાત્ અન્તરાત્મભાવ એ આત્મમંદિરનું ગર્ભ-દ્વાર છે. જેમાં પ્રવેશ કરીને તે મંદિરમાં વર્ત-માન પરમાત્મભાવરૂપ નિશ્ચય દેવનું દર્શન કરી શકે છે.

આ દશા વિકાસક્રમની ચતુર્થી ભૂમિકા કિંવા ચતુર્થ ગુણસ્થાનક છે, જેને પામીને આત્મા પ્રથમ વાર જ આધ્યાત્મિક શાંતિનો અનુભવ કરે છે. આ ભૂમિકામાં આધ્યાત્મિક દૃષ્ટિ યથાર્થ (આત્મસ્વરૂપોન્મુખ) હોવાના કારણે વિપર્યાસ રહિત હોય છે, જેને જૈનશાસ્ત્રમાં સમ્યગ્દૃષ્ટિ કિંવા સમ્યક્ત્વ કહે છે.

અત્ર ચૌદે ભૂમિકાનો ગુણસ્થાનોનો વિચાર નહિ કરતાં ચતુર્થ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાન સુધીનું કથન કર્યું છે. આત્મવિકાસની શરૂઆત આ ભૂમિકા પ્રાપ્ત થયા પછી જ ગણતરીમાં લેખાય છે. આ ચતુર્થ ભૂમિકા પામેલો આત્મા ઉત્ક્રાન્તિ-ક્રમમાં આગળ વધતા પંચમ આદિ ગુણસ્થાનોની પ્રાપ્તિ થતાં ઉત્તરોત્તર વિકાસ અને દૃષ્ટિની શુદ્ધતા અધિકાધિક હોય છે. એ રીતે વિકાસક્રમમાં આગળ વધતા આધ્યાત્મિક શાન્તિના અનુભવથી વિશેષ બલવાન થઈ, ચારિત્રમોહને નષ્ટ કરી, છેવટે અઘાતિ કર્મનો નાશ કરી પૂર્ણ સ્થિરતા સ્વરૂપ છેલ્લી–ચરમ અવસ્થા અર્થાત્ ચૌદમા ગુણસ્થાનને પામી પૂર્ણ શુદ્ધ સ્વરૂપી પરમાત્મ અવસ્થાને પ્રાપ્ત કરી કૃતકૃત્ય બને છે.

(સદર લેખ હિન્દીના ગૂર્જરાનુવાદરૂપે કેટલોક ફેરફાર તથા વધારો કરી મૂકવામાં આવેલ છે.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કલિકાલસર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્યજીની જીવન ઝરમર.

લેખક:—મુનિ શ્રી ન્યાયવિજયજી.

( ધંધુકાના મોઢ વણિક **ચાચીગ** અને તેમના પત્ની **પાહિની** દેવીના પુત્ર ચાંગદેવ બાલ્યાવસ્થામાં જ સાધુ બની "બાલમુનિ સોમચંદ્ર" બને છે. અને એ જ બાલમુનિ એકવીસ વર્ષની ભરયુવાનીમાં હેમચંદ્રાચાર્ય બને છે. આ લેખમાં ગુજરાતના મહાન્ જ્યોતિર્ધર, ગુજરાતની અસ્મિતાના જનક અને જૈન શાસનના ઉદીયમાન ચંદ્ર સરખા આચાર્યની જીવનરેખાનાં કેટલાંક પ્રકરણો ઉતારું છું. કાર્તિક શુદિ પૂર્ણિમા એમનો જન્મદિવસ છે. આજે ગુજરાતના આ મહાન્ જ્યોતિર્ધરની જન્મજયંતિ કેટલેક ઠેકાણે ઉજવાય છે તે યોગ્ય જ છે. આખા ગુજરાતે અને સમસ્ત જૈન સંઘે આ મહાપુરુષની જયંતિ ઉજવી તેમના ગુણોનું સ્મરણ કરવા જેવું છે; પરંતુ કા. શુ. ૧૫ જૈનો એમની જયંતિ બરાબર ઉજવી શકે તેવી અનુકૂલતા નથી, કારણો–કાર્તિકી પૂર્ણિમા સિદ્ધાચલજીની યાત્રાનો દિવસ છે, સાધુઓનું ચાતુર્માસ પણ તે દિવસે જ બદલાય છે અને સિદ્ધાચલજીની પટયાત્રા પણ આજે જ કરાય છે એટલે જયંતિ માટે પૂરો સમય નથી મળતો. યદિ તેમના સ્વર્ગવાસનો દિવસ–તિથી ઉપલબ્ધ થાય તો તેની શોધ કરી તે દિવસ યદિ જયંતિ તરીકે ઉજવવાનો નિશ્ચય થાય તો વધુ અનુકૂળતા રહેશે. પરન્તુ જ્યાં સુધી તે દિવસ ચોક્કસ ન મળે ત્યાં સુધી તો કા. શુ. ૧૫–એ અવશ્ય જયન્તિ ઉજવવા પ્રયત્નશીલ રહેવું ઉચિત છે. લેખક. )

## ૧ જન્મ.

ધંધુકાના આ મોઢ વણિક કુટુમ્બમાં એક અદ્‌ભૂત સમન્વય સધાયો હતો કે માતા ચુસ્ત જૈન ધર્મની ઉપાસિકા હતી જ્યારે પિતા વૈષ્ણવ હતા. પરંતુ પતિપત્નીમાં ગાઢ પ્રેમ, ઉદારતા, સહિષ્ણુતા અને એક બીજાની ધર્મ લાગણીને સાચવવાનું સખ્ય જળવાતું હતું. ચાચીંગ કદીયે પાહિનીએ જિનમંદિરનાં દર્શન, પૂજન, ગુરુવંદનાદિ અને તપશ્ચર્યાદિમાં અંતરાય ન નાખતો.

એક વાર પાહિનીએ સ્વપ્નમાં ચિંતામણી રત્ન જોયું અને તે ગુરૂ મહારાજને વ્હોરાવ્યું. આ સ્વપ્નનું ફલ ગુરુમહારાજે કહ્યું–વત્સ! તારે પુત્રરત્ન થશે અને તે તું ગુરુને વ્હોરાવી દઇશ. આ સાંભળી પાહિનીને અતીવ પ્રમોદ થયો અને પ્રસન્ન મનથી[1] ગુરુજીને કહ્યું કે–તથાસ્તુ.

બરાબર કાર્તિકી પૂર્ણિમાનો ધવલચંદ્ર આખા આકાશપટને અજવાળી રહ્યો હતો; એની શુભ્ર શાંત ચાંદનીથી આખું જગત્ પરમ શાંતિ અનુભવી રહ્યું હતું–આ વખતે પાહિનીએ પુત્રરત્નનો જન્મ આપ્યો. આખા ઘરમાં અજવાળું ફેલાયું. આકાશના ચંદ્રની જ્યોત્સના કરતાં આ ભૂલોકના બાલચંદ્રની જ્યોત્સના

૧ પ્રભાવક ચરિત્રમાં ચિંતામણીરત્નનો ઉલ્લેખ છે જ્યારે ચતુર્વિંશતિપ્રબંધમાં એક સુંદર આંબા ઝાડ જોયું અને તે ઝાડ અન્યત્ર રોપાયું અને ત્યાં તે ખૂબ ફાલ્યુંફૂલ્યું. ગુરુમહારાજે સ્વપ્નફલમાં કહ્યું કે–આ થનારું બાલક અન્યત્ર ખૂબ પ્રસિદ્ધિ પામશે અને મહિમાવંત થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓછી નથી એમ ઘરવાળાંને લાગ્યું અને ભવિષ્યમાં જગતે આ અનુભવ્યું. બાલકનું નામ પિતાએ **સોમચંદ્ર** રાખ્યું. કેટલું અન્વર્થ અને યથાર્થ આનું નામ છે એ તો ભવિષ્યવેત્તાઓ જ જાણતા હતા. બીજના ચંદ્રની માફક સોમચંદ્ર વૃદ્ધિ પામી રહેલ છે.

## ૨ દીક્ષા.

બાલક સોમચંદ્ર માતાની સાથે રોજ જિનમંદિરે દર્શન કરવા જાય છે તેમજ મંદિરની પાસે રહેલ **વસહિકા** ઉપાશ્રયમાં ગુરુનાં દર્શન કરવા જાય છે. એક વાર માતા અને પુત્ર જિનમંદિરનાં દર્શન કરી ઉપાશ્રયમાં આવ્યાં. ઉપાશ્રયમાં તો બધા સાધુ મહાત્માઓ સ્થંડિલ પધાર્યા હતા. કોઇ ન હતું. બાલકે આ જોયું અને ફરતો ફરતો, રમતો રમતો ગુરુમહારાજની પાટ ઉપર—ગુરુસ્થાને ચઢી બેઠો. ત્યાં તો ગુરુમહારાજ શ્રી દેવચંદ્રસૂરિ પધાર્યા, બારણામાંથી જોયું એક નાનું બાલક પાટ ઉપર બેસી હસી રહ્યું છે, પૂર્ણિમાના ચંદ્ર સમાન ઓજસ્વી એનું ભવ્ય મુખડું હતું. ગુરુ મહારાજ ધીમે ધીમે પાસે આવ્યા તેમ બાલક નિર્ભય બની ચંદ્રની જ્યોત્સ્ના વેરતું હાસ્ય વેરી રહ્યું હતું. ગુરુજીએ પાસે જઇ તેનો હાથ જોયો. પાહિનીએ પણ આ જોયું. ગુરુજીએ પૂછયું-વત્સ! આ પુત્ર રત્ન તમારું છે? પાહિની—હા, ગુરુદેવ. ગુરુજીએ કંઇક યાદ કરી કહ્યું—વત્સ! પેલું સ્વપ્ન અને તે સ્વપ્નફલ યાદ છે? પાહિની—હા ગુરુદેવ. ગુરુજી—વત્સ! આ પુત્રની રેખાઓ અને લક્ષણો પણ એવાં સરસ છે કે આ પુત્ર મહાન્ આચાર્ય થશે, જૈનધર્મનો પ્રભાવક થશે, અરે મને તો લાગે છે સંસારમાં એક અદ્દભુત મહાત્મા થશે. પાહિની આ સાંભળી પ્રસન્ન થઇ.

ગુરૂજી—વત્સ! જો તે તારે ઘેર રહેશે તો મોટો વ્યાપારી, મંત્રી કે સત્તાધીશ થશે પરંતુ સાધુ થશે તો શાસનદીપક-શાસનસૂર્ય થશે અને સંસારપ્રસિદ્ધ થશે.

પાહિની—ગુરૂજી, આપની આજ્ઞા શિરોધાર્ય છે.

બાદ પાહિની પુત્ર સહિત ઘેર ગઇ. આ બાજુ સૂરિજી મહારાજે સંઘ ભેગો કરી બધું વૃત્તાન્ત જણાવ્યું. શ્રી સંઘ સહિત દેવચંદ્રસૂરિ પાહિનીને ઘેર ગયા અને શાસનને માટે પુત્રની માંગણી કરી.

આ વખતે પાહિનીએ એ જ વિચાર્યું-ધન્ય ભાગ્ય મારાં કે પચ્ચીસમા તીર્થંકરરૂપ શ્રી સંઘ મારે ઘેર પધાર્યો. ધન્ય ભાગ્ય કે-આવા સૂરિપુંગવનાં પગલાં મારે ઘેર થયાં. એણે ભક્તિપૂર્વક પુત્ર વ્હોરાવ્યો.

બહારગામ ગયેલ ચાચીંગ ઘેર આવ્યો. આવતાં જ એને ઘરમાં શૂન્યકાર ભાસ્યો. ક્યાં ગયો **ચાંગ**! માતા પ્રથમ તો કાંઇ ન બોલી. જમવા સમયે પુનઃ ચાંગને ચાચીંગે યાદ કર્યો. પિતા પુત્ર સાથે જ જમવા બેસતાં, પુત્ર વિના પિતાને ન ચાલ્યું. આખરે પાહિનીએ બધી વાત કરી. આ સાંભળી ચાચીંગને ગુસ્સો ચઢ્યો. પુત્રનું મોઢું જોયા સિવાય જમીશ નહિ એવી પ્રતિજ્ઞા કરી. પિતાએ તપાસ કરાવી તો ખબર પડી કે સૂરિજી અહિંથી વિહાર કરી ખંભાત ગયા છે.

ચાચીંગ ખંભાત જાય છે. ત્યાં ઉપાશ્રયમાં જ રમતા ચાંગદેવને જોઇ કહે છે-બેટા ઘેર ચાલ.

ચાંગદેવ—પિતાજી, હું તો સાધુ થવાનો છું. હવે આજ મારૂં ઘર છે.

ચાચીંગ ચાંગદેવને ઘેર આવવા ઘણું ઘણું સમજાવે છે; સાધુ જીવનની કઠોરતા, ત્યાગ, તપ અને સંયમ વર્ણવે છે. બેટા ઘર છોડી સાધુ થવું સહજ નથી એમ સમજાવે છે પરંતુ આ મહાન્ સંસ્કારી બાલક ચાંગદેવ દૃઢ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આખરે ઉદાયન મંત્રીને ત્યાં પિતાપુત્ર જમવા જાય છે. ચાચીંગ મૌન છે, ચિંતાતુર છે.

ઉદાયન મંત્રી પૂછે–છે શેઠ, શું ચિંતામાં છો? લ્યો, એમ કહી કોથળી ભરી રૂપીઆ આપે છે.

ચાચીંગ—મંત્રીશ્વર, આ શેના રૂપિયા આપો છો?

મંત્રીશ્વર—તમારા પુત્રરત્ન–જગદીપકના વાત્સલ્યના. એના તોલ જેટલા છે.

ચાચીંગ—મંત્રીજી, હું રૂપિયાનો ભૂખ્યો નથી. યદિ મ્હારા કુલદીપક ચાંગદેવને ઘેર નહીં જ આવવું હોય તો હું પરાણે નહીં લઇ જાઉં.

ચાચીંગ—(પોતાને પુત્રને) કેમ બેટા! તારે ઘેર આવવું છે કે અહિં જ રહેવું છે?

ચાંગદેવ—પિતાજી! હું તો અહીં જ રહીશ. મ્હારે તો સાધુ થવું છે.

ચાચીંગ—વત્સ! સાધુ થવું સહજ કે સરલ નથી. છતાં યે તારી મરજી જ હોય તો મારી રજા છે.

ચાંગદેવ—પિતાજી! મ્હારી પૂર્ણ મરજી છે. હું સાધુ થવા જ જન્મ્યો છું.

ચાચીંગ—મંત્રીજી! આ પુત્ર તમને સોંપું છું.

ઉદાયન મંત્રી—નાજી, મને ન સોંપશો. પૂજ્ય ગુરૂદેવને જ સોંપો. એમાં તમારૂં અને તમારા પુત્રરત્નનું હિત સમાયું છે.

ચાચીંગ ઉપાશ્રયે જઇ ગુરૂ મહારાજને પ્રેમ, ભક્તિ અને શ્રદ્ધાથી પોતાનો પુત્ર વ્હોરાવે છે.

પાંચ વર્ષ(નવ વર્ષ પણ મલે છે)ની નાની ઉમ્મરે ખંભાતમાં મોટા મહોત્સવપૂર્વક ચાંગદેવની દીક્ષા થાય છે. મહા શુદિ ૧૪ ને શનિવારે ઉત્તમ યોગમાં આ દીક્ષા અપાઇ છે અને ત્યારથી ચાંગદેવ સોમચંદ્ર મુનીશ્વર બને છે.

## પ્રતાપી અને પુણ્યશાળી

મુનિપુંગવ શ્રી સોમચંદ્રજીની પ્રતિભા ચમકી રહી છે. ટૂંક મુદતમાં જ એ વ્યાકરણ, કાવ્ય, સાહિત્ય, ન્યાય, દર્શનશાસ્ત્રના આચાર્ય બને છે. જૈન વાંગમયના સમર્થ જ્ઞાતા, અભ્યાસી અને સર્જક બને છે. એમના પ્રતાપી પુણ્યયોગે કોલસાનો ઢગલો સોનામ્હોર બને છે. ખુદ સરસ્વતી દેવી સામે આવી પ્રત્યક્ષ દર્શન અને વરદાન આપે છે. વિમળેશ્વર દેવ પણ એમને પ્રત્યક્ષ થઇ દર્શન આપે છે. આપણે એ પ્રસંગોનું ટુંકમાં અવલોકન કરી લઇએ તો અસ્થાને નહિ જ લેખાય.

### મંત્ર સાધના.

૧

શ્રી સોમચંદ્ર મુનિપુંગવ ચારિત્રરત્નની પ્રાપ્તિ કર્યા પછી દર્શન, જ્ઞાન અને ચારિત્રની ખૂબ પ્રેમપૂર્વક આરાધના કરે છે. સ્વપરદર્શન પ્રવીણ બને છે. વધુ જ્ઞાન અને પ્રતિભા મેળવવા બ્રાહ્મીદેવીની આરાધના માટે કાશ્મીર તરફ પ્રયાણ આદરે છે. મહાતેજસ્વી પુણ્યપૂંજરૂપ બાલ મુનીશ્વરના પુણ્યથી આકર્ષાઇ સરસ્વતીદેવી એમને વચ્ચે જ દર્શન દે છે. એક વાર રાત્રિના સમયે પદ્માસનમાં બેસી સત્ય પરબ્રહ્મની મુદ્રા અને સમાધિયોગમાં અન્તઃકરણ સ્વાધીન રાખી ધ્યાનારૂઢ થયેલા આ મુનીશ્વરનાં દર્શન કરી પ્રસન્ન થઇ ભગવતી સરસ્વતીદેવી શ્રી વિદ્યાના પ્રવાદ અને સંવાદમાં સુંદર એવા કેટલાક મંત્રો આમ્નાય સહિત આપીને અંતર્ભૂત થઇ. તેમજ જતી વખતે કહ્યું કે "આપ જૈન શાસનના પ્રભાવક છો. હવે આપને અહીંથી આગળ વધવાની જરૂર નથી અને જે સાધના માટે કાશ્મીર જવાની ઇચ્છા છે તે સાધના અહીં જ પરિપૂર્ણ થાય છે.[1]" મુનિપુંગવ અહીંથી જ

૧. કુમારપાલ ચરિત્રમાં આ મંત્રસાધના સંબંધી એવો ઉલ્લેખ છે કેઃ-કાશ્મીર દેશવાસિની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાછા વળી ગુરૂજીને મળી બધી વાત વિગતથી જણાવે છે. આ વખતે જાણે તેજપુંજની જીવંત પ્રતિમા હોય એવા ઓજસ્વી અને પ્રતાપી જોઇ ગુરૂજી પણ સમજે કે આ ઓજસ્ સરસ્વતી-દેવીની પ્રસન્નતાનું ફલ છે.

૨

આ પછી એક વાર બીજી બીજી કળાઓમાં કુશલતા પ્રાપ્ત કરવા ગુરૂની સોમચંદ્રમુનિએ આજ્ઞા મેળવી, **શ્રીદેવેંદ્રસૂરિ** અને **શ્રી મલય-ગિરિસૂરિ** સાથે ગૌડદેશ તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં **ખિલ્લૂર** ગામમાં એક રોગાર્ત્ત મુનિ મળ્યા. આ રોગાર્ત્ત મુનિરાજની ત્રણેએ સેવા કરી તેમને સ્વસ્થ કર્યા ત્યારે તે મુનિએ શ્રી ઉજ્જંતતીર્થ( ગિરનારજી )ની યાત્રા કરવાની અભિલાષા:જણાવી. શ્રી સોમચંદ્ર મુનિ વગેરેએ તે ગામના સુખી શ્રાવકને બધી વિગત જણાવી, રોગાર્ત્ત મુનિને ગિરનાર પહોંચાડવાની વ્યવસ્થા કરી; પરંતુ પ્રાતઃકાલમાં જ ત્રણે મુનિવરોએ પોતાને ગિરનાર પર્વત ઉપર જ જોયા. તેમને ખૂબ જ આશ્ચર્ય થયું એટલામાં શાસનદેવી દર્શન આપી, તેમના ગુણની સ્તુતિ કરી–બોલી કે "તમારા ભાગ્યવંતોના સર્વ કાર્યની સિદ્ધિ અહીં રહેથી જ થશે માટે ગૌડદેશ તરફ જવાનું બંધ રાખો" એમ કહી તે દેવી અનેક મહા-મંત્રો અને મહાઔષધીઓ આમ્નાય સહિત આપી પ્રભાવ બતાવીને અંતર્ભૂત થઇ.

૩

એક વાર સર્વાભિષ્ટપ્રદ શ્રી સિદ્ધ મંત્ર આ-મ્નાય સહિત આરાધવાનો વિધિ શ્રી સોમચંદ્ર મુનિરાજના ગુરૂ મહારાજે બતાવ્યો. આ મંત્રમાં વિશિષ્ટતા ખાસ એ હતી કે–પદ્મિની સ્ત્રી ઉત્તર-સાધક બને ત્યારેજ તેની સાધના થાય. ઉપર્યુક્ત ત્રણે મહાત્માઓ વિહાર કરતા કરતા 'કુમાર-ગ્રામ'માં આવી પહોંચ્યાં. ત્યાં ગામ બહાર ધોબીએ ધોઇને સુકવેલી સુગંધી સાડી જોઈ. તેના ઉપર ભ્રમરો ફરતા હતા. આવું સુગંધી વસ્ત્ર પદ્મિની સ્ત્રીનું હોઇ શકે એમ ધારી ધોબીને પૂછયું આ વસ્ત્ર કોનું છે? એણે કહ્યું આ ગામના અમારા ઠાકોર છે તેમની સ્ત્રીનું છે. ત્રણે મહા-ત્માઓએ નક્કી કર્યું કે જરૂર આ સ્ત્રી **પદ્મિની** છે. પછી ગામમાં જઇ ત્યાંના ઠાકોરને ઉપદેશ આપી પ્રસન્ન કર્યો. ઠાકોરે પણ આ ત્રણે મહા-ત્માઓના ત્યાગ, તપ, વૈરાગ્ય અને જ્ઞાનાદિ ગુણો નિહાળી નિરંતર ઉપદેશ સાંભળી જીવન પવિત્ર બનાવ્યું. એક દિવસ તેણે હર્ષથી મુનિ-ઓને વિનંતિ કરી "મહારાજ આપ પરબ્રહ્મ સદા નિઃસ્પૃહી રહો છો. મારાથી સાધ્ય થઇ શકે એવું યોગ્ય કાર્ય ફરમાવી અનુગ્રહ કરશો." મુનિ મહાત્માઓ ઠાકોરની સાચી ભક્તિનાં વચનો સાંભળી બોલ્યા "અમારી શ્રીસિદ્ધચક્ર-મંત્ર આરાધવાની ઇચ્છા છે પણ તે મંત્ર પદ્મિની સ્ત્રીના ઉત્તરસાધકપણા વગર સિદ્ધ થઇ શકે

સરસ્વતીદેવીની સાધના માટે સોમચંદ્ર મુનિરાજ પધારે છે અને પ્રથમ "ઉજ્જયંતાવતાર" નામે ચૈત્યમાં પ્રસ્થાન કર્યું છે. ત્યાં મંત્રની આરાધના કરી જ્યોતિર્મય પરમાત્માનું સ્મરણ કરતા તે મુનિ તે જ રાત્રિએ સરસ્વતીનું ધ્યાન ધરી દઢાસને એકાંતમાં બેઠા. આ વખતે સોમચંદ્ર મુનિના ધ્યાન-બળથી ખેંચાયેલી દેવી ક્ષણમાત્રમાં પ્રત્યક્ષ થઇ. તે દેવી મુનિને કહેવા લાગી-વત્સ! તું મને પ્રસન્ન કરવા માટે કાશ્મીર દેશમાં જઇશ નહિં. હાલમાં હું ત્હારી ભક્તિ અને ધ્યાનવડે પ્રસન્ન છું. અધુના મ્હારા પ્રસાદવડે સારવત મંત્ર ત્હને સિદ્ધ થયો છે. બાદ સરસ્વતીનાં નવીન રચેલાં સ્તોત્રોવડે શેષ રાત્રિ નિર્ગમન કરીને કૃતાર્થ થયેલા સોમચંદ્ર મુનિ પ્રભાત-કાલમાં ગુરુ પાસે ગયા. સૂર્યના પ્રકાશથી પ્રફૂલ્લ થયેલા કમલને જોઇ ભ્રમરની જેમ દેવચંદ્રસૂરિ સરસ્વતીના પ્રસાદથી ભવ્ય કાંતિમય પોતાના શિષ્યને જોઇ બહુ જ પ્રસન્ન થયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમ નથી. સાંભળવા પ્રમાણે આપની સ્ત્રી પદ્મિની છે, માટે આપ તેને લઇને અમારી સાથે રૈવતાચળ પર કાળી ચૌદશે પધારી અમારું ઉત્તરસાધકપણું કરો અને સાધન કરતી વખતે જો આપની દૃષ્ટિએ અમારામાં જરા પણ વિકાર માલમ પડે તો તત્કાળ અમારો શિરચ્છેદ કરી નાખજો.

આ સાંભળી તે અધિકારી બહુ જ આશ્ચર્ય પામ્યો. બધા ગિરનાર ગયા અને શ્રી અંબિકા દેવીના સાનિધ્યમાં, રૈવતાચળના અધિષ્ઠાતા દેવની સમક્ષ ગુરુએ બતાવેલી વિધિપૂર્વક પદ્મિની સ્ત્રીને ઉત્તરસાધક બનાવી રાત્રીના ત્રીજા પહોરે, આહ્વાન, અવગુંઠન, મુદ્રા, મંત્રન્યાસ અને વિસર્જનાદિથી શ્રી સિદ્ધચક્ર મંત્રનું સાધન કર્યું. ધ્યાનાંતે મંત્રના અધિષ્ઠાતા ઇન્દ્રના સામાનિક દેવ શ્રી વિમળેશ્વરે પ્રત્યક્ષ થઇ પુષ્પવૃષ્ટિ કરી. ઇચ્છિત વર માંગવાનું જણાવ્યું ત્યારે શ્રી હેમચંદ્રાચાર્યજીએ (બાલ મુનિરાજશ્રી સોમચંદ્રજી) "રાજાને પ્રતિબોધવાનું", શ્રી દેવેંદ્રસૂરિજીએ કાંતિપુરીથી [1]જિન-પ્રાસાદ સેરીસા લાવવાનું અને શ્રી મલયગિરિજી મહારાજે શ્રી સિદ્ધાંતની વૃત્તિ કરવાનું, આ રીતે એ ત્રણે મહાત્માઓએ જુદા જુદા વરદાન માંગ્યાં. આ ત્રણે પુણ્યશાળી, મહાવ્રતધારી અને શુદ્ધ બ્રહ્મચારી અને ધ્યાનમાં પરમ દૃઢતાધારી મહાત્માઓને વરદાન આપી દેવ અદૃશ્ય થયો અને પેલા અધિકારીએ પ્રાતઃકાળમાં પુષ્કળ દ્રવ્ય ખરચી પ્રભાવના કરી અને સાથે ત્રણે મહાત્માઓના વ્રતની પ્રશંસા કરી.

૪

એકવાર બાલ મુનીશ્વર સોમચંદ્રજી વૃદ્ધ મુનિવર સાથે ગૌચરી ગયા હતા. એક ગૃહસ્થના ઘરમાં પેસતાં જ બાલ મુનિરાજ સોમચંદ્રજીએ સોનામ્હોરોનો ઢગલો પડેલો જોયો. ઘરમાં ગૌચરી ગયા. એમણે આશ્ચર્યથી જોયું. આહાર દરિદ્રીને યોગ્ય ઘેંશ જ હતી. એમના આશ્ચર્યનો પાર ન રહ્યો. જેના આંગણે સોનામ્હોરો પડી હોય, એ ગૃહસ્થના ઘરમાં દીનતા, દારિદ્રય, ગ્લાનિ, અને દુઃખમય વાતાવરણ કેમ? એમણે બાલસુલભ કુતુહલથી વૃદ્ધ મુનિરાજને પુછયું જેના ઘર આંગણામાં સોનામ્હોરો રમે છે છે તેના ઘરનું વાતાવરણ કેમ તદ્દન દીન-હીન અનાથ જેવું છે? ઘરમાલેક સુજ્ઞ શ્રાવકે આ વાત સાંભળી, તેણે વિનયથી વૃદ્ધ મુનિરાજને પૂછયું. પ્રભો! આ બાલમુનિરાજ શું કહે છે? સાથે જ તેમનું કથન સત્ય છે. આ ઢગલો કે જેને હું કોલસો દેખું છું તે સોનામ્હોરો જ હતી. મ્હારા પૂર્વ પાપના યોગે જ આ કોલસામય દેખાય છે. યદિ આ પુણ્યશાળી મહાત્મા એનો સ્પર્શ કરે તો મ્હારો પુણ્યોદય જાગે, તેમના પાદસ્પર્શથી આ પુનીત થઇ જાય. વૃદ્ધ મુનિરાજના કહેવાથી બાલ મુનિવરે તે ઢગલાને પાદસ્પર્શ કર્યો અને ત્યાં રહેલ અન્ય વ્યંતરદેવ ચાલ્યો જતાં કોલસાનો ઢગલો સોના મ્હોરો રૂપે દેખાયો. આ પુણ્ય પ્રસંગથી બાલ મુનીશ્વરનો સર્વત્ર જયજયકાર થયો.[2]

સોમચંદ્ર મુનીશ્વર બાલ સરસ્વતીરૂપે પ્રસિદ્ધિ પામ્યો છે. તેમનું બ્રહ્મતેજ, તપસ્તેજ, જ્ઞાનતેજ ત્રિવિધ તેજ તપી રહ્યું છે. (ચાલુ)

૧ જૈન સત્ય પ્રકાશમાં પ્રગટ થયેલ 'સેરીસા તીર્થ'નો મારો લેખ જુઓ.

૨ કુમારપાલ પ્રબંધમાં આ પ્રસંગ નાગપુરના ધન શેઠને ત્યાં બન્યાનો ઉલ્લેખ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રમાદથી સત્યાનાશ

લેખક:—ચોકસી.

ભગવન, આપણી પાસેથી આ દ્વારામતી નગરીનું ભાવિ સાંભળ્યા પછી મને કંઈ જ ચેન પડતું નથી. જો કે અહીં આવતાં પૂર્વે મેં દંડનાયકને નગરીના ખૂણેખાંચરેથી પાકી તપાસ કરી મદિરાનું ટીપુ સરખું પણ રહેવા ન પામે એવી સખત તાકીદ કરી છે. સ્વર્ગને પણ ટક્કર મારે તેવી મારી આ રાજધાનીનો ધ્વંસ મદ્યપાનના નિમિત્તે થાય અને એ પણ મારા નેત્રો સામે એ જોયો કેમ જાય?

તીર્થપતિ શ્રી અરિષ્ટનેમી મધુર વાણીમાં વાસુદેવ શ્રી કૃષ્ણને જવાબ આપતા બોલ્યા—

દેવાનુપ્રિય, આ પ્રકારનો અગ્રશોચ ઇષ્ટ નથી. ભવિતવ્યતા ફેરવવાની તાકાત નથી તો માનવીના હાથમાં કે નથી તો દેવના બાહુબળમાં. હોણહાર વસ્તુ મિથ્યા નથી થતી. તેથી જ નિમ્ન શ્લોકો ટંકશાળી પુરવાર થયા છે.

**विधिरेव तानि घटयति यानि पुमान् नैव चिंतयति। लिखितमपि ललाटे प्रोज्झितुं कः समर्थः?**

**गुणाभिरामो यदि रामभद्रो,**
**राज्यैकयोग्योऽपि वनं जगाम।**
**विद्याधरश्रीदशकंधरश्च;**
**प्रभूतदारोऽपि जहार सीताम्॥**

પ્રાજ્ઞ પુરુષે એવી વાત જાણીને આત્માને સદા ધર્મવાસિત રાખવો જોઈએ. જેમ મુસાફરીમાં પાથેયવાળા પથિકને ક્ષુધાના દુઃખનો ભય રહેતો નથી તેમ ધર્મકરણીરૂપ સંબળ સંગ્રહિત કરનારને કાળની વિકરાળતા રંચ માત્ર ડારી શકતી નથી. આત્માની પિછાન જેને થઇ ચૂકી છે અને મૃત્યુ એ તો વસ્ત્ર બદલવા સમું છે. જીર્ણ વસ્ત્ર બદલી જેમ નવું પહેરવામાં આવે તેમ આયુદોરી ખલાસ થતાં આ ભવમાંથી ઉચાળો ભરી નવો ભવ ધારણ કરવાપણું છે. અલબત્ત ધર્મવાસિત હૃદયવાળાને જ પુનઃ માનવભવ પ્રાપ્ત થવાની ખાતરી સંભવે છે. આ સુજ્ઞ જીવની વાત થઈ. પણ પ્રાજ્ઞ જીવ તો પુરુષાર્થ ફોરવી, સંસારની અસારતાને અવધારી, વીતરાગભાષિત ભાગવતી દીક્ષાનો યોગ સાધે છે અને નિર્મળ ચારિત્ર પાળે છે તો, જન્મ-મરણના ફેરામાંથી કાયમને માટે છુટકારો મેળવે છે. મનુષ્યભવ દ્વારા જ મુક્તિ સુંદરીના કમાડ ખખડાવે છે. એ માટે દૃષ્ટાન્ત શોધવા દૂર જવું પડે તેમ નથી જ. ત્હારા જ માડીજાયા ગજસુકુમાલના જીવન પ્રતિ મીંટ માંડ. એ દૃઢ મનોબળી આત્માએ માનવ જીવનનો સાચો કસ કાઢી લીધો. ગણત્રીના વર્ષોમાં આત્મસાક્ષાત્કાર કર્યો. મસ્તક પર ખેરના અંગારા ભડભડ બળતા હોય, પૌદ્‌ગલિક દેહના સાંધા તડતડ ત્રુટતાં હોય, એ વેળા અકથનીય કષ્ટ થઇ રહ્યું હોય છતાં આત્મા એ પીડા કરનાર પર રંચ માત્ર કષાય ન કરે, પોતાના પૂર્વ કર્મના શોધનમાં જ તલ્લીન બને અને સમભાવ દશાનો સધિયારો લઇ સહન કરતાં એક જ વિચાર કરી રહ્યો હોય કે—

હે આત્મન્! ત્હારે આમાં કંઇ જ ગુમાવવાનું નથી. આવું નિમિત્ત મળવાથી તો કર્મ નિર્જરા સત્વર થાય છે. કર્મ-ભારથી હળવો થનાર આત્મા સિધ્ધાશિલા પ્રતિ વધુ ઝડપથી ગતિ કરનાર બને છે. સ્વ સ્વભાવ પર મુસ્તાક રહે.

વાસુદેવ, કયાં તો પ્રજ્ઞ બની જીવન સાધના કરવી, કયાં તો સુજ્ઞનું જીવન જીવી પ્રગતિના પંથે આગળ ડગ ભરવા. બાકી અજ્ઞાનતાથી, ભાવિ પોતાનો ભાગ ભજવે તે પૂર્વે હાયવોય કરવી કે એના નામે વર્ત્તમાન જીવન ખારું બનાવવું એ ત્હારા સરખા પ્રતાપી રાજવીને શોભતું નથી. મનમાં એ વાત સંઘરવી જ નહીં.

ભગવંત, આપની વાત સોના સરખી કિંમતી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પવિત્ર અને શુદ્ધ છે. એ પ્રમાણે વર્તવાનો હું જરૂર નિશ્ચય કરીશ.

સમયનું ચક્ર તો અસ્ખલિત ગતિએ વહ્યાં જ કરે છે. ઉપર વર્ણવ્યા પ્રસંગ પછી વર્ષો પર વર્ષો વીતી ચૂકયા છે. દરમીયાન સોનાની દ્વારામતીમાં કંઈ, કંઇ ફેરફાર થઇ ગયાં છે. વસુદેવ શ્રી કૃષ્ણનો પિતરાઈ ભાઇ જરાકુમાર પોતાના કુટુંબ સહિત નગરીમાંથી કાયમને માટે ઉછાળા ભરી ગયો છે! કયા કારણે તેણે આ પગલું ભર્યું એ વાત જનસમૂહથી અજ્ઞાત રહી છે!

બીજી બાજુ ક્ષત્રિય કુમારોની નજર સામેથી વ્યસન કરવાની ઉમદા ચીજ મદિરા દૂર થવાથી તેઓ અકળાઇ ગયા છે. પાટનગરના ભાવિમાં ભલેને એ મદિરા અમંગળરૂપે નોંધાઇ હોય, છતાં જેમણે આ ભવ મીઠા તો પરભવ કોણે દીઠા? જેવું અર્થાત્ કેવલ રંગરાગપૂર્ણ મોજીલું જીવન ગાળવું છે તેમને એ વિના ચેન પડતું નથી. શરૂઆતની કડકાઇ પણ ઓછી થઈ છે. ખૂણે-ખાંચરેથી બાતમી મળી રહી છે કે સેનાપતિએ સમિપવર્તી જીર્ણગિરિની એકાદી ઊંડી કંદરામાં એનો વિપુલ પ્રમાણમાં સંચય કરી રખાવ્યો છે. રક્ષકનું મન મનાવતા એ સ્વાદિષ્ટ સુરાનું પાન યથેચ્છ રીતે કરી શકાય છે. કોઇ કોઇ વાર રાજપુત્રો એ આનંદ ઉડાવી પણ આવે છે.

વાસુદેવને તીર્થંકરના વચન પર શ્રદ્ધા હતી અને પોતાના પરાક્રમવડે જેનું સર્જન થયું છે એવી કનક કાંગરાવાળી દ્વારિકાનો કિંવા પોતાના છપ્પન્ન કુળકોટિ યાદવોનો વિનાશ એ સુરાના પાન અંગે ન નોંધાય એ જોવાની તમન્ના હતી એટલે જ નગરીમાં મદિરાનું ટીપું રહેવા દીધું નહોતું. આમ છતાં ભવિતવ્યતારૂપી ચિત્રગુપ્તના ચોપડામાં જે અક્ષરો પડેલાં એ મિથ્યા ન જ થયાં. વખતના વહેણમાં એના ઓળા ધીમી ગતિએ ઉતરવા માંડયાં. નગરીની બહાર જઇ એનો નિશો કરનારાની સંખ્યા દિ'ઊગ્યે વધવા લાગી. જ્યાં રક્ષકો જ સ્વાદલોલુપતાથી ભક્ષકનો ભાગ ભજવવા માંડ્યાં ત્યાં નિયમની સાંકળ કયાંથી મજબૂત રહેવા પામે? વિધિના રાહ વિચિત્ર પ્રકારના જ હોય છે, એને પારખવા સારુ ભલભલા વિચક્ષણ માનવીઓના નેત્રો પણ કાચા પડે છે. જ્ઞાનીપુરુષો કહે છે કે–હોણહાર મિથ્યા નથી થતું તે આવા કારણોથી જ ને!

મદિરાસક્ત ક્ષત્રિયો ઘેનમાં પડી ભાન ભૂલતા અને કેટલીયે વાર શાસ્ત્રોની અથડામણ કરતા, એ બનાવોમાં માથા પણ ફુટતા અને કોઇ કોઇ વાર પરલોક-પ્રયાણના કિસ્સા પણ બની જતાં. આ બધું જીર્ણદુર્ગની તળેટીમાં બની જતું એટલે દ્વારકાની પ્રજાના કાને મોડું આવતું. સમજુ વર્ગને તો આ પરથી સમજાઇ ચૂકયું હતું કે 'અમંગળ' ના આગમનના ચોઘડીયા બજી રહ્યા છે. આ એના ચિન્હો છે.

એક વેળા શાંબ-પ્રદ્યુમ્ન નામના રાજપુત્રોએ મદિરાપાનમાં ચકચૂર બની, ગિરિ નજીકના પ્રદેશમાં દેહ દમન કરી રહેલા દ્વીપાયન ઋષિ પાસે જઇ યદ્વાતદ્વા. બોલવા લાગ્યા. એ તપસ્વીની જટાના વાળ ખેંચવા લાગ્યા. ભાનભૂલેલા તેઓએ મજાક ઉડાવવામાં કમીના ન રાખી.

આખરે ઋષિ ક્રોધવશ બન્યા. તેમના નેત્રો રાતાચોળ બની ગયા. મુખમાંથી ધગધગતા લાવા સમાન.ઉષ્ણ વરાળ હવામાં નિકળવા માંડી. ભ્રકુટિ ચઢાવી ઉગ્રતાથી તે બોલ્યા—ઓ અવળચંડા રાજપુત્રો, તમારી સાથે આખી દ્વારકાને ભસ્મીભૂત કરવાનું હું પણ લઉં છું-નિયાણું કરું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમ્યગ્ જ્ઞાનની કુંચી : યોગની અદ્‌ભુત શક્તિ.

લેખકઃ—સ્વ૦ બાબુ ચંપતરાયજી જૈની

( ગતાંક પૃષ્ઠ ૯૩ થી શરૂ. )

યોગી પુરૂષોને આત્માની દિવ્ય જ્યોતિના આવિર્ભાવમાં જ જીવનનો ખરો આનંદ ભાસે છે. તેમને સંસારનાં ક્ષણિક સુખો પ્રત્યે કશોયે મોહ નથી હોતો. કોઇ દુઃખમય સ્થિતિ હોય તો તેમાં પણ તેમને આનંદ જ લાગે છે. યોગીઓ સર્વ પ્રકારની ફેશનો, કૃત્રિમતા, પરિગ્રહો અને મનોવિકારોથી સર્વદા પર હોય છે. આ વિરલ સ્થિતિમાં તેઓ સર્વથા શાન્તિ અને સુખનો જ અનુભવ કરે છે. યોગી પુરૂષો પરમ શાન્તિ અને પરમ સુખમાં જ પોતાનું જીવન વ્યતીત કરે છે.

યોગી પુરૂષોને જન્મ અને મૃત્યુની પરંપરામય સંસાર અસત્ય લાગે છે. સંસાર સર્વથા અસત્ય ભાસવાથી, તેમની રગેરગમાં ત્યાગભાવ વ્યાપી રહે છે. આધ્યાત્મિકતાનાં અપૂર્વ સુખમાં તેમનો આત્મા દિવ્ય સુખદાયી સંગીતથી અહર્નિશ ગુંજી રહે છે. આપ્તજનો વિગેરે પ્રત્યેના મોહના સંપૂર્ણ વિચ્છેદથી વિશુદ્ધ બનીને, મુક્તિ–રમણીની જ નિત્ય પ્રતીક્ષા કરે છે. ભૌતિક સુખ અને ભૌતિક આનંદમાં તેમનું ચિત્ત લેશ પણ નથી પરોવાતું. તેઓ આત્માનાં વિશુદ્ધ જ્ઞાન અને ધ્યાનમાં જ મગ્ન રહે છે, યોગીઓ કોઈ પણ પ્રકારની આશંકા, ભય, સ્વાર્થવૃત્તિ, નિરાશા અને વિષય–લાલસાથી સર્વદા પર હોય છે.

આત્મ ધ્યાનના શુદ્ધ અને યથાર્થ ઉપયોગથી જ, સત્ય સુખ પ્રાપ્ત થઇ શકે છે. દુનિયાની ખોટી જંજાળ મનુષ્યથી નથી છોડાતી ત્યાં સુધી તે પોતાના આનંદમાં પોતે જ અંતરાયરૂપ બને છે. જનતાનાં વ્યક્તિગત બળોનું રહસ્ય યથાર્થ સમજાય તો દુનિયાના મનુષ્યોને તે પરસ્પર કલ્યાણમાં અત્યંત ઉપયુક્ત થઇ પડે. આધુનિક સંસ્કૃતિનો વિકાસ, જનતાની આધ્યાત્મિક આવશ્યકતાઓને અનુરૂપ પરિવર્તિત થાય તો તે પણ જનતાની ઉન્નતિમાં અત્યંત હિતકર થઇ પડે.

આધુનિક સંસ્કૃતિ સર્વ રીતે દોષપાત્ર નથી. એથી તેનાં કાર્યક્ષેત્રમાં ઘણાં સુંદર કાર્યો થયાં છે. આધુનિક સંસ્કૃતિને પ્રતાપે, હજારો મનુષ્યોનું અનેક રીતે કલ્યાણ પણ થયું છે. આરોગ્ય કે વ્યક્તિની દૃષ્ટિએ પણ વર્ત્તમાન સંસ્કૃતિ કેટલીક રીતે હિતપ્રદ નીવડી છે. આ બધુંયે છતાં એમાં મુક્તિ–દાયિત્વ જેવું કશુંયે ન હોવાથી, મુક્તિની દૃષ્ટિએ આજની સંસ્કૃતિ જરા પણ ઈષ્ટ નથી. આજની જડવાદી સંસ્કૃતિથી મનુષ્ય જાતિનું એટલું બધું અધઃપતન થયું છે કે–મુક્તિ આદિની પ્રાપ્તિમાં તે કોઇ પણ રીતે આપણને ઉપયોગી થઇ પડે જ નહિ. આજની અનેક મહાન્ શોધો રાષ્ટ્રીય મહત્ત્વાકાંક્ષાની પરિતૃપ્તિરૂપ છે. આજની એક પણ શોધ નિઃસ્વાર્થભાવે થઇ હોય એમ નથી લાગતું. એ શોધોથી કેટલાક મનુષ્યોને મહાન્ લાભ જરૂર થયો હશે એ નિર્વિવાદ છે. આમ છતાં એ જ શોધો લાખો મનુષ્યોને પ્રાણઘાતક નીવડી છે એ જોતાં આજની શોધોથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જનતાનો વિકાસ કેવો થયો છે એ સહજ સમજી શકાય છે.

ઉચ્ચ પ્રકારની સંસ્કૃતિથી જનતા તેમજ પ્રત્યેક વ્યક્તિનું કલ્યાણ સાધી શકાય. સમુદાય–ભક્તિ (સમુચ્ચય યુક્ત ઉપાસના) એ ઘણા મનુષ્યોની એકી સાથે થતી અર્થાત્ સમકાલીન ઉન્નતિનાં દૃષ્ટાન્તરૂપ છે. એક ચિત્તવાળા મનુષ્યોની સંખ્યાના પ્રમાણમાં એકાગ્રતાનું બળ વધે છે. સામુદાયિક ભક્તિ સામુદાયિક એકાગ્રતાના ભાવ ઉપરથી નિષ્પન્ન થયેલ છે. સામુદાયિક એકાગ્રતાની શક્તિ અદ્દભુત છે. સામુદાયિક એકાગ્રભાવના અદ્દભુત કાર્યનાં અનેક દૃષ્ટાન્તો અનેક શાસ્ત્રો આદિમાંથી ઉપલબ્ધ થઇ શકે છે. સામુદાયિક એકાગ્રતાને કારણે, યજ્ઞાદિ પ્રસંગોએ અત્યંત આશ્ચર્યકારક દ્રશ્યો દૃષ્ટિગોચર થઇ શકે છે. એ દ્રશ્યોનું નિરૂપણ કરતાં સ્વામી રામતીર્થે એક પ્રસંગે જણાવ્યું છે કે:—

"યજ્ઞની ધર્મ–વિધિઓ ચાલુ હોય તે પ્રસંગે, દેવો પ્રત્યક્ષ રીતે હાજર થાય છે એવું ધર્મશાસ્ત્રોનું વિધાન અક્ષરશઃ સત્ય છે. સામુદાયિક એકાગ્રતાનું પ્રાબલ્ય આથી સિદ્ધ થાય છે. એકચિત્તવાળા મનુષ્યોની સંખ્યાનો જે વર્ગ* આવે તેટલાગણી એકાગ્રતાની શક્તિ વધે છે. એમ આધુનિક માનસશાસ્ત્રની દૃષ્ટિએ પૂરવાર થયું છે. આ સત્સંગનું શુભ પરિણામ જો હું એકલો કોઇ વિચારને મૂર્તિમંત કરી શકું તો એક જ ચિત્તવાળા અને એક જ વિચારના હજારો મનુષ્યો કેટલું બધું કાર્ય કરી શકે ?"

જનતાના એકાગ્ર ભાવમાં અત્યંત ઘટાડો થઇ ગયાથી સામુદાયિક ભક્તિની શક્તિ આજ કાલ ઘણી ઘટી ગઇ છે. મસ્જીદો, દેવળો વિગેરેમાં પ્રાર્થના કરતા સંખ્યાબંધ મનુષ્યોમાં એ મનુષ્યોના વિચાર એક જ વસ્તુ ઉપર યથાર્થ રીતે કેંદ્રિત થતાં હોય એવું મહાભાગ્યે જ બને છે. શીખ ધર્મના સ્થાપક ગુરૂ નાનકનું એક જાણવાજોગ દૃષ્ટાન્ત છે. ગુરૂ નાનક કેટલાક મુસ્લીમોના અત્યંત આગ્રહથી એક મસ્જીદમાં પ્રાર્થના કરવા (નિમાઝ પઢવા) ગયા હતા. મસ્જીદમાં ગયા છતાં તેઓ પ્રાર્થનાથી અલગ જ રહ્યા. તેમણે પ્રાર્થના કરી જ નહિ. નિમાઝ પઢનાર મુસ્લીમોના અચંબાનો આથી પાર ન રહ્યો. કેટલાકને ગુસ્સો પણ ચઢયો. થોડી વાર રહીને તેમણે પ્રાર્થના ન કરવાનું કારણ પૂછતાં, ગુરૂ નાનકે એવો તો જડબાતોડ જવાબ આપ્યો કે, બધા સ્તબ્ધ જ થઇ ગયા. નિમાઝ દરમીયાન આફ્રિકામાં ઘોડા વેચવાનું જેમને મન થતું હોય એવા લોકો સાથે પ્રાર્થના કરવાની મને ટેવ નથી એમ નાનકે સાફસાફ જણાવી દીધું એટલે મસ્જીદમાંના સર્વ મુસ્લીમો અવાક્ જેવા બની ગયા. એક જણે તો પોતાનો ગુન્હો ખુલ્લેખુલ્લો કબૂલ પણ કરી દીધો. ચિત્તમાંથી સર્વ પ્રકારના વિચારો દૂર થાય ત્યાં સુધી પ્રાર્થના કરવી એ નકામી છે એ આ દૃષ્ટાન્તનું રહસ્ય છે. ઘોડાઓ થોડી મીનીટ સુધી ન થોભી શકે તો ઇશ્વર કેમ થોભે ?

આપણું ચિત્ત પ્રભુમાં યથાયોગ્ય રીતે ચોંટયું જ ન હોય ત્યાં સુધી પ્રાર્થના વિગેરે નિરર્થક જ છે, મંદિરો, દેવળો, મસ્જીદો આદિમાં જવું એ નકામાં જેવું છે. પ્રભુની ભક્તિ સદા વિશુદ્ધ ધ્યાનથી અને એકાગ્રતાપૂર્વક જ થવી જોઇએ. અન્યથા એ પ્રભુનાં અપમાનરૂપ છે. મંદિરો, મસ્જીદો આદિ પવિત્ર સ્થળો આધ્યાત્મિક વિકાસની દૃષ્ટિએ, મનુષ્યને અત્યંત ઉપયોગનાં છે. સ્વામી વિવેકાનંદ મંદિરો, મસ્જીદો અને ભક્તિનાં અન્ય પવિત્ર સ્થળો

---

* કોઇ પણ સંખ્યાને તે જ સંખ્યાએ ગુણીએ તો તે સંખ્યાનો વર્ગ આવે છે. દા. ત. ૪×૪=૧૬. સોળ એ ૪ નો વર્ગ કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિગેરેનો ઉદ્દેશ જણાવતાં 'રાજયોગ'માં યથાર્થ જણાવ્યું છે કેઃ—

"યોગનાં અનુષ્ઠાન માટે બનતાં સુધી એક નિરાળો ખંડ અવશ્ય હોવો જોઇએ. એ ઓરડો પવિત્ર રાખવો જોઇએ. તેમાં નિદ્રા આદિ કાર્યો ન જ થાય. વિશુદ્ધ ચિત્ત અને શરીરથી ખંડમાં પ્રવેશ કરવો જોઇએ. પવિત્ર પુષ્પો અને ધાર્મિક ભાવના પોષક ચિત્રો યોગનાં અનુષ્ઠાનવાળા ખંડમાં હોય તો વધારે સારૂં. ખંડમાં સવાર સાંજ સુગંધી ધૂપ થવો જોઇએ. ખંડમાં પ્રવેશ થતાં જ અપવિત્ર વિચારો, કલહ આદિ સદંતર બંધ થાય એ ખાસ આવશ્યક છે. ખંડમાં આવનારા બીજા મનુષ્યોના બિચાર યોગીના વિચારોને સર્વથા અનુરૂપ હોવા જોઇએ. આવી રીતે ખંડનું વાતાવરણ અત્યંત વિશુદ્ધ બની જાય છે ગમે તેવું દુઃખ કે આશંકા હોય પણ ખંડમાં પ્રવેશ કરતાં જ, યોગીને શાન્તિ અવશ્ય પ્રાપ્ત થાય છે. મંદિરો અને દેવળોનો ઉદ્દેશ પણ આ જ છે મંદિરો આદિ પવિત્ર સ્થળો પવિત્ર આંદોલનથી પવિત્ર પ્રભામય રહે છે."

આજનાં મંદિરો વિગેરેમાં આવી પવિત્રતા વર્ત્તે છે કે નહિ એ સમજાવવાની ભાગ્યે જ જરૂર છે. પવિત્ર ગણતાં સ્થાનોમાં જોઇએ તેવી પવિત્રતા નથી જ રહી એ નિર્વિવાદ છે. કેટલાક મનુષ્યો ધર્મી કે આસ્તિક ગણવા નિમિત્તે જ મંદિરો કે મસ્જીદોમાં જાય છે. આવા મનુષ્યોમાં વસ્તુતઃ આસ્તિકતા કશીયે નથી હોતી. કેટલાકને મંદિરો, મસ્જીદો કે દેવળો વિકાર–દ્રષ્ટિનાં પોષણરૂપ પણ થઇ પડે છે. આવી વૃત્તિ એ શું પ્રભુ–મંદિરની હાંસીરૂપ નથી ? જે તે કાર્યનાં પરિણામના સંબંધમાં નિર્મોહવૃત્તિની આવશ્યકતાનો આપણે હવે વિચાર કરીએ. નિર્મોહ વૃત્તિ એટલે સાંસારિક ઇચ્છાથી મુક્તિ-દરેક મનુષ્યે, આળસુ ન બની જવાય તે માટે કાર્યમાં તો મશગૂલ જ રહેવું જોઇએ. પણ કાર્યનાં પરિણામ ઉપર સુખનો આધાર ન રાખી શકાય. જો સુખનો આધાર એ રીતે રખાય તો એક પ્રકારની મોહદશાની પરિણતિ અવશ્ય થાય છે. કામ એટલે વૈતરૂં એવો અર્થ કોઇ રખે કરે. કાર્ય એટલે આત્મા અને વિશ્વ સાથે એકતાનાં આંદોલન એવો ધર્મ દ્રષ્ટિએઃ અર્થ નીકળી શકે છે. આવું નિઃસ્વાર્થ કાર્ય એ જ ખરૂં કાર્ય છે. કેટલાક તેને આળસરૂપ ગણે પણ તે યથાર્થ નથી. આધ્યાત્મિક કાર્યમાં કોઇ બદલાની અપેક્ષા પણ ન હોઇ શકે. આધ્યાત્મિક કાર્ય એટલે મનોવિકારો ઉપર વિજય અને વિશુદ્ધ આત્માનું ધ્યાન એ જ અર્થ સંભાવ્ય છે. ધાર્મિક કાર્ય આદિનું રહસ્ય સમજાવતાં જૈનોનાં એક શાસ્ત્રમાં સત્ય જ કહ્યું છે કેઃ—

"અર્હત્ દશામાં નિઃસ્પૃહ વૃત્તિથી સતત ક્રિયા ચાલુ રહે છે. અંર્હતો સર્વને પ્રકાશ આપે પણ કોઇ આગળથી પ્રકાશ નથી લેતા. આત્માનું જેમ જેમ ઉર્ધ્વગમન થતું જાય છે તેમ તેમ એક પછી એક જે તે બંધનનો વિચ્છેદ થતો જાય છે. વ્યક્તિગત લાભ, આનંદ કે પ્રેમની ઇચ્છા નથી રહેતી. છેવટે વ્યક્તિગત પરિપૂર્ણતાની ઇચ્છાનું પણ ઉન્મૂલન થાય છે, એ ઇચ્છા પણ આત્મામાં જ વિલીન થાય છે. આમ એક આત્મા માત્ર આખરે રહે છે."

શ્રમજીવીઓ પોતાની ક્ષુદ્ર વાસનાની પરિતૃપ્તિ અર્થે કે કોઇ બદલાની આશાથી કોઇનું કોઇ કામ કરે છે. મહાપુરુષો (અર્હતો વિગેરે) સાંસારિક લાભ માટે કોઇ પણ કાર્ય નથી કરતા. વાસનાઓથી મોહ ઉત્પન્ન થતો હોવાથી, વાસનાઓનો ત્યાગ એ તેમનાં કાર્યનો મુખ્ય ઉદ્દેશ હોય છે. વાસના એટલે પરિપૂર્ણતાની ઊણપનો સ્વીકાર. વાસનાવાળા મનુષ્યને સંસારમાં બધુંયે અધુરૂં લાગે છે. તેનાં મનની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરિતૃપ્તિ કોઇ કાળે પણ નથી થતી. જે આત્મા પરિપૂર્ણ હોય તેનામાં વાસના ન જ હોય.

મનુષ્યની સઘ દુર્દશા અશ્રદ્ધા અને દૌર્બલ્યનાં જ પરિણામરૂપ છે. સચ્ચિદાનંદ સ્વરૂપનો યથાર્થ સાક્ષાત્કાર થતાં, એ દુર્દશા ક્ષણ પણ ન રહી શકે. કાર્યનાં પરિણામનો મોહ છૂટી જાય એટલે આત્માની પરિપૂર્ણ સ્થિતિનો આવિષ્કાર આપોઆપ થઇ જાય છે. ત્યાંસુધી એ સ્થિતિ ગુપ્તવત્ રહે છે. સત્ય શ્રદ્ધાની પરિણતિ થતાં, દુઃખદાયી અસત્ય વસ્તુઓનો વ્યામોહ અવશ્ય છૂટી જાય છે. નિઃસ્પૃહવૃત્તિ એજ સર્વશ્રેષ્ઠ પુણ્યદાયી છે. નિઃસ્પૃહવૃત્તિથી આત્માનું સર્વોચ્ચ શ્રેય થાય છે. નિઃસ્પૃહવૃત્તિનું આ જાણવાજોગ રહસ્ય છે.

કાર્યના પરિણામના મોહથી, ચિત્તને કદાપિ શાન્તિ પ્રાપ્ત નથી થતી. અગમચેતીની દ્રષ્ટિએ બુદ્ધિ નિરર્થક થઇ પડે છે. આ એક પુરાતન સિદ્ધાન્ત છે. લૉર્ડ લીટને 'ઝેનોની' નામની નવલિકામાં આ સિદ્ધાન્તનું પ્રતિપાદન સુંદર રીતે કર્યું છે. ઝેનોની વિશ્વનો દ્રષ્ટા માત્ર રહ્યો ત્યાંસુધી કોઇ પણ આશ્ચર્યકારી કાર્ય તેનાથી થઇ શકતું. ગમે તેવું કઠીન ભવિષ્ય-કથન પણ તેનાથી થઇ શકતું. એજ ઝેનોનીનો ચંચળ અને વહેમી વીયોલા સાથે લગ્ન-સંબંધ જોડાયો એટલે તેની સર્વ શક્તિઓમાં હ્રાસ થઇ ગયો. તેનો ઘોર વિનિપાત થતાં, તેનું શયતાન ઉપર લેશપણ નિયંત્રણ ન રહી શકયું.

કાર્યના પરિણામનો નિર્મોહ એટલે મનોવિકાર અને લાલસાઓ ઉપર સંયમ, કાર્યનાં પરિણામના નિર્મોહી મનુષ્યથી ઇંદ્રિય-સુખોમાં અનુરક્ત ન જ થવાય. ઇંદ્રિય-સુખોની લાલસા આદિનું અસ્તિત્વ હોય ત્યાં સુધી, કાર્યનાં પરિણામ સંબંધી નિર્મોહ વૃત્તિ સંભવી શકતી નથી. કાર્યોનાં પરિણામનો નિર્મોહ એવો હોવો જોઇએ કે, આત્માની દિન-પ્રતિદિન ઉન્નતિ જ થયા કરે. આત્માની યથેષ્ઠ ઉન્નતિ થતાં, નિર્મોહી મનુષ્યથી પોતાના પિતાના મૃત દેહનો અગ્નિસંસ્કાર કે એવાં કાર્યો પણ ન જ થઇ શકે. કાર્યનાં પરિણામના નિર્મોહમાં મનોવિકારો અને વાસનાઓના ક્ષયને આ પ્રમાણે અત્યંત પ્રાધાન્ય આપવામાં આવ્યું છે અને તે સર્વથા યથાર્થ જ છે. નિર્મોહી મનુષ્યથી ધર્મને નામે પણ ઇંદ્રિય-સુખોમાં કોઇ રીતે અનુરક્ત ન રહેવાય. ધર્મને નામે ઇંદ્રિય-સુખોની અનુરક્તિ એ કાર્યનાં પરિણામના નિર્મોહી મનુષ્યો માટે કોઈ રીતે ઇષ્ટ નથી.

કાર્યના પરિણામના સંબંધમાં નિર્મોહવૃત્તિ વાસનાઓના પરિત્યાગથી વધે છે. વાસનાઓનો ઉપભોગ જેમ જેમ ઘટે તેમ તેમ નિર્મોહવૃત્તિ વધે છે. આથી વાસનાઓના ઉપભોગનું રહસ્ય સમજવાની ખાસ જરૂર છે. વાસનાઓનો ઉપભોગ ચિત્તથી થાય છે કે ઇંદ્રિયોથી થાય તે એ પ્રશ્ન પણ ખાસ વિચારણીય થઇ પડે છે. વાસનાઓનો ઉપભોગ ચિત્તના ભાવોથી થાય છે કે નહિ એનો વિચાર પણ અત્યંત મહત્ત્વનો છે.

જો જે તે વસ્તુમાં સુખ કે દુઃખ આપવાની વાસ્તવિક શક્તિ કે ગુણ હોય જ તો દરેક મનુષ્યને એક જ વસ્તુથી એક જ પ્રકારનું સુખ કે દુઃખ થાય એ નિઃસંશય છે. પણ તેવું કંઇ ભાગ્યે જ થાય છે. એક જ વસ્તુ સામાન્ય રીતે જૂદા જૂદા માણસો ઉપર જૂદી થાય છે. સ્વાદિષ્ટમાં સ્વાદિષ્ટ આહાર હોય પણ પેટ ભરેલું હોય તો તે આહારમાં બીલકુલ સ્વાદ નથી લાગતો. એ આહારથી ઉલટી અનેક પ્રકારની વ્યાધિઓ ઉત્પન્ન થાય છે. એથી ઊલટું ભૂખ કકડીને લાગી હોય તો ગમે તેવો અ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પકવ આહાર પણ સ્વાદિષ્ટ લાગે છે. આમ એક જ વસ્તુ સ્વાદિષ્ટ લાગે છે. બીજી વસ્તુ અસ્વાદિષ્ટ હોય છતાં સ્વાદિષ્ટ લાગે છે. જો સ્વાદ એ આહારનો વસ્તુતઃ ગુણ જ હોત તો તેનો ઉપભોગ દરેક મનુષ્ય એક સરખો કરી શકત. તેથી દરેક મનુષ્યને એક સરખો જ આનંદ પણ થાત. દરેક મનુષ્યને એક જ આહારમાં એક પ્રકારનો આનંદ નથી થતો. આથી સ્વાદ ખોરાકમાં નથી પણ માનસિક વૃત્તિમાં રહેલ છે એમ સિદ્ધ થાય છે. સ્વાદની જેમ ઇંદ્રિયજન્ય અન્ય સુખો દુઃખો પણ ચિત્તની વૃત્તિ ઉપર જ નિર્ભર રહે છે. તાત્પર્ય એ કે—એક જ વસ્તુથી કેટલાક મનુષ્યોને સુખ થાય છે, બીજા મનુષ્યોને તેથી દુઃખની વાત પરિણત થાય છે. દા. ત. એક સુંદર સ્ત્રી હોય તેનો પુત્ર તેને માતા તરીકે નિરખે છે. કોઇને તે પુત્રી રૂપ લાગે છે. તેનો પતિ તેને ધર્મપત્ની તરીકે લેખે છે. કોઇ વિકારી મનુષ્ય તેના તરફ વિકાર દૃષ્ટિથી જ નિરીક્ષણ કરે છે. આમ ઉપભોગ્ય વસ્તુ એક જ હોવા છતાં, જૂદા જૂદા મનુષ્યોને તે સંબંધમાં ભિન્ન ભિન્ન ભાવો ઉત્પન્ન થાય છે. વળી એક જ સ્ત્રી અમુક કાળ સુધી આનંદ કે સુખરૂપ લાગે પણ તે સ્ત્રીના સ્વભાવમાં કે ચારિત્રમાં અનિષ્ટ પરિવર્ત્તન થતાં તે સ્ત્રી દુઃખાસ્પદ થઇ પડે છે. આમ એક જ વસ્તુ એક જ મનુષ્યને એક વખતે સુખદાયી તો બીજે વખતે દુઃખદ થઇ પડે છે. સ્વપ્નમાં કેટલીક વખત સુખદુઃખનો એવો અનુભવ થાય છે કે, એની છાપ થોડો વખત સુધી જાગૃત સ્થિતિમાં પણ રહે છે.

સુખ કે દુઃખ એ કોઇ ઇંદ્રિયજન્ય પદાર્થોમાં નથી એમ યોગીઓ માને છે તે યથાર્થ જ છે. સુખ કે દુઃખ ચિત્ત–સ્થિતિ ઉપર જ નિર્ભર રહે છે.* યોગી પુરૂષો સંસારના ક્ષણિક અને અનિત્ય સુખોથી સર્વદા પર રહે છે. તેઓ આત્માના સત્ય આનંદના ઉપભોગમાં જ મગ્ન રહીને પોતાનો કાળ નિર્વહન કરે છે.

ઇંદ્રિયજન્ય સુખો અને ઇંદ્રિયજન્ય આકર્ષણોથી જીવન સ્થૂલ શરીરમાં જ જકડાયલું રહે છે. સ્થૂલ શરીરનું આવું બંધન કોઈ રીતે ઇષ્ટ નથી. સ્થૂલ શરીરનું બંધન અધઃપાતકારી જ નીવડે છે. સ્થૂલ શરીરનાં સુખો એ કંઇ સુખ નથી. એ સુખોનો ઉપભોગ એ આપણો હક્ક પણ નથી. આપણો જન્મસિદ્ધ હક્ક તો આત્મસુખનો અનુભવાનંદ એ જ છે. જો આત્મસુખના આનંદનો ક્ષણ પણ અનુભવ થાય તો યોગીઓ વિગેરેનું સુખ દુનીયાભરનાં રાજ્ય અને તેના અતુલ વૈભવનાં કરતાં અનંતગણું ચઢિયાતું છે એવી નિશ્ચયયુકત શ્રદ્ધાની પરિણતિ અવશ્ય થાય છે.

જે મનુષ્ય આપ્તજનો આદિ દુનીયાનાં સર્વસ્વનો શ્રદ્ધાપૂર્વક પરિત્યાગ કરે છે તેમને અપૂર્વ સુખ મળે છે. તેમનાં સુખ આગળ દુનીયાનાં તુચ્છ અને ક્ષણિક સુખો કંઈ પણ હિસાબમાં નથી. સંસારનો ખરો ત્યાગ કરનાર મનુષ્યોને મુકિતની પ્રાપ્તિ પણ થઇ શકે છે. સંસારનાં ક્ષુદ્ર સુખો અને દુઃખદ બંધનોથી આત્મસાક્ષાત્કારનો અનેરો આનંદ અનુભવાય છે.

એક જ ઉદ્દીપનથી જે તે ઇંદ્રિયની નૈસર્ગિક ગુણશકિતનો જ આવિષ્કાર થાય છે એમ આધુનિક માનસશાસ્ત્રથી સિદ્ધ થયું છે. આથી

*ભૌતિક વસ્તુઓમાં કેટલાક સ્થૂલ ગુણો ઉપરાંત રસાયણિક કાર્ય આદિ શકિતઓ હોય છે. ભૌતિક વસ્તુઓમાં સુખદુઃખ આપવાની વાસ્તવિક કોઇ શક્તિ જ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉદ્દીપન ભલે એક જ હોય પણ તેથી ચક્ષુ, કર્ણ આદિ ઇન્દ્રિયો પોતપોતાની ગુણ-શકિતનો જ આવિષ્કાર કરે છે. ઉદ્દીપનને કારણે, ચક્ષુની નિરીક્ષણ શકિત વધે છે, કર્ણની શ્રવણ-શકિતમાં વધારો થાય છે અને એમ બીજી ઇંદ્રિયોની શકિતઓ પણ જરૂર વધે છે. વળી એક જ ઇંદ્રિયના ગુણધર્મમાં જૂદાં જૂદાં ઉદ્દીપનોથી કશું પરિવર્તન નથી થતું. ઉદ્દીપનો ગમે તેટલાં હોય પણ ચક્ષુ ઇંદ્રિય એ જોવાનું જ કાર્ય કરે છે. ચક્ષુથી બીજું કોઈ કાર્ય કદાપિ નથી થઈ શકતું.

ઇચ્છા-શક્તિની આંતરિક એકાગ્રતાથી જે તે ઇંદ્રિયની નસો કે મજ્જા તંતુઓ ઉપર અવશ્ય અસર થાય છે. આથી જ સ્વાદિષ્ટ ભોજન જોતાં જ મ્હોંમાંથી પાણી છૂટે છે. અત્યંત ક્ષુધા લાગી હોય ત્યારે જે તે આહારની સુગંધ તેમજ સ્વાદનો અનુભવ પણ ઘણીએ વાર મનુષ્યને થાય છે. આજ પ્રમાણે કોઇ પ્રિય આપ્તજનનાં નામ માત્રથી આનંદનો સંચાર થઈ રહે છે. આનંદથી આખાંયે શરીરમાં લોહી વિદ્યુત જેવા વેગથી ફરવા માંડે છે. આપ્તજનના સંસર્ગથી આનંદ થાય તેવો આનંદ પણ ઘણીયે વાર મનુષ્યથી અનુભવાય છે.

યોગી પુરૂષો કુદરતનાં આ સર્વ રહસ્યથી સર્વદા વાકેફ હોય છે. તેઓ પોતાની ઇચ્છાનુસાર જે તે ઇંદ્રિયના કોઇ પણ ભાવ વ્યક્ત કરી પણ શકે છે. પણ એ ભાવો કોઇ ઇંદ્રિય-લાલસાની પરિતૃપ્તિ અર્થે નથી જ હોતા. યોગીઓમાં એવી રીતે ઇંદ્રિય-લાલસાનું પરિણમન થાય તો તેમનું અધઃપતન જ થાય. સચ્ચિદાનંદ દશારૂપ આત્માનાં વિશુદ્ધ સ્વરૂપમાં જ યોગીઓને આનંદ ભાસે છે અને તેમાં જ તેઓ અનેરો આનંદ મહાલે છે. સત્ય સુખના ઉપભોગથી, યોગીઓને સત્ય સુખનું જ સ્ફુરણ થયા કરે છે. યોગીઓ સદા કાળ આત્માનાં અધિરાજ્યનું સવિશેષ સુખ અનુભવે છે. સામાન્ય મનુષ્યો પ્રાયઃ ધર્મ કે પરમાત્મા કે ધર્મજન્ય સત્ય સુખની વાતો જ કરે છે. યોગીઓને પરમપદ અને સત્ય સુખનો સાક્ષાત્કાર થાય છે.

યોગીઓનું હૃદય આત્માનાં વિશુદ્ધ સ્વરૂપ સાથે જ સંલગ્ન રહે છે. આખરે સમાધિનું નિરતિશય સુખ પણ પ્રાપ્ત થાય છે. સમાધિનો આનંદ અનેરો છે. એ આનંદ ખરેખર વર્ણનાતીત છે. સમાધિની શક્તિ અપૂર્વ છે. સમાધિની શક્તિના સંબંધમાં "The Voice of The Silence" (સમાધિનો દિવ્ય નાદ) માં સત્ય જ કહ્યું છે કે:—

"સમાધિ-દશા પ્રાપ્ત થતાં, દિવ્ય દ્વારો ખુલી જાય છે. કુદરતનાં મહાન્‌માં મહાન્ બળથી પણ, આત્માની સર્વોચ્ચ પ્રગતિમાં કોઇ રીતે અંતરાય થઇ શકતી નથી".

સમાધિસ્થ મહાપુરૂષો જીવન અને મૃત્યુ (મૃત્યુ અને જન્મ) ના વિજેતા બને છે. તેઓ આત્મોન્નતિનાં પરમ શિખરે પહોંચે છે. તેમનું ચિત્ત અનંત મહાસાગર જેવું શાન્ત બને છે. સંસારી મનુષ્યોને ચમત્કારી લાગતી ઘટનાઓ તેમને સામાન્ય રૂપ લાગે છે. તેઓ કોઇ પણ ચમત્કાર કરી શકે છે. તેઓ મૂર્ત્તિમાન સત્ત્વગુણ અને શકિતરૂપ બની રહે છે. શાન્તિ અને શુભ ભાવનાની તેમનામાંથી અહર્નિશ પરિણુતિ થયા કરે છે. સર્વ પ્રાણીઓ પ્રત્યે તેમને ભ્રાતૃભાવ જાગે છે.

આજકાલની દુનીયામાં ચમત્કારો અશક્યવત્ થઇ પડયાથી ચમત્કારી ઘટનાઓની ચર્ચા પ્રાયઃ હાસ્યાસ્પદ થઇ પડે છે. કેટલાકને પૂર્વકાલીન ચમત્કારોની ચર્ચાથી આશ્ચર્ય પણ થાય છે. જનતાની આ હાસ્યાસ્પદ સ્થિતિ સર્વથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અજ્ઞાનજન્ય છે એમ જ કહી શકાય. જનતાનાં અજ્ઞાનને લઇને જ, ચમત્કારી ઘટનાઓ કુદરતી હોવા છતાં તેમને એક પ્રકારનું અત્યંત દિવ્ય સ્વરૂપ ભાસે છે. કોઇ પરિણામનાં કારણો ગુપ્ત કે અજ્ઞાન હોય તો જનતાને સામાન્ય રીતે તેમાં ચમત્કાર જેવું લાગે છે. વસ્તુતઃ ચમત્કાર જેવું તેમાં કશુંયે નથી હોતું. પરિણામનાં કારણો યથાર્થ રીતે જાણી શકાય તો બધું કુદરતી ઘટના રૂપે જ લાગે છે. સંસારમાં કોઇસ્તુ અશક્ય નથી. કુદરત ઉપર અધિરાજ્ય તેમજ ઉચ્ચ પ્રતિનું જ્ઞાન પ્રાપ્ત કરી શકનારી બુદ્ધિ, જીવન આદિ અજ્ઞાનીને મન અત્યંત આશ્ચર્યકારી જણાય છે. જ્ઞાનીને તેમાં કશુંયે આશ્ચર્ય નથી જણાતું. જ્ઞાન થતાં, એક વખતની ચમત્કારી ગણાતી વસ્તુ ચમત્કારરૂપ નથી લાગતી. આથી જ એક વખતની ચમત્કારી ગણાતી શોધોમાં, આજની જનતાને કશોયે ચમત્કાર નથી લાગતો.

વાંચવા લખવાની કળા કે વિદ્યાર્થી જેઓ અજાણ હોય તેમને જ એ કળા કે વિદ્યામાં ચમત્કાર લાગે છે. એ કળાના જાણકાર મનુષ્યોને એમાં ચત્કારનો આભાસ નથી થતો. શિક્ષિત મનુષ્યોનાં જ્ઞાન કે વાંચવા લખવાની શકિતથી અજ્ઞાનીઓને જ આશ્ચય થાય છે.* જ્ઞાનીઓને તેથી કશુંયે આશ્ચર્ય નથી થતું.

આપણે છેક અજ્ઞાન હોવાથી જ સંતપુરૂષોના ચમત્કારથી આપણને અત્યંત આશ્ચર્ય થાય છે. અજ્ઞાનને કારણો જ એ ચમત્કારોના સંબંધમાં કેટલીક વાર શ્રદ્ધાની પરિણતિ નથી થતી.

પ્રભુ મહાવીર આદિ જગતની અનન્ય વિભૂતિઓએ પોતાનાં જીવનમાં જે અનેક ચમત્કારો કરી બતાવ્યા છે તે સર્વ ચમત્કારો કુદરતનાં વિવિધ બળોનાં જ્ઞાનજન્ય જ હતા. કુદરતનાં મહાન્ બળોનાં અજ્ઞાનને કારણે, ચમત્કારોના સંબંધમાં મનુષ્યને આશ્ચર્ય થાય છે કે આશંકા જાગે છે. કુદરતની અનેક શકિતઓ, એ શકિતઓનાં અજ્ઞાનને કારણે, આશ્ચર્યકારી જણાય છે. એ શકિતઓનું જેમને જ્ઞાન હોય તેમને તેમાં કંઇ પણ આશ્ચર્ય નથી લાગતું.

વિદ્યુત્ અને આકર્ષણ એ પ્રકૃતિની બે મહાન્ શક્તિઓ છે. એ શક્તિઓથી ઘણાં અદ્દભૂત કાર્યો થઇ શકે છે. આથી એ શક્તિઓનું જેમને જ્ઞાન ન હોય તેમને એ શક્તિઓ અને તેમનાં કાર્યોથી અત્યંત આશ્ચર્ય લાગે છે. બીજાઓને તેમાં કંઇ પણ ચમત્કાર કે આશ્ચર્ય જેવું નથી જણાતું. આકર્ષણશક્તિથી લાખો તારાઓ વિગેરે આકાશમાં અવધારિત રહે છે. આકર્ષણનું આવું મહાન્ બળ છે.

—અપૂર્ણ.

* આ સંબંધી બ્રાહ્મણ દંપતી અને ભીલોનું દૃષ્ટાન્ત જાણવા જેવું છે. બ્રાહ્મણ અને તેની સ્ત્રી શિક્ષિત હતાં. બન્ને વાંચી લખી શકતાં. એક વખત બ્રાહ્મણ ઘેરથી વનમાં જતાં, ત્યાં તેને કાંઈ વસ્તુની જરૂર પડી. આથી તેને લાકડાના કટકા ઉપર કોલસાથી કંઈ લખી એક ભીલદ્વારાએ સંદેશરૂપ ચિઠ્ઠી પોતાની પત્નીને મોકલાવી. પત્નીએ પતિની ચિઠ્ઠી વાંચતાંજ પતિને જોઇતી વસ્તુ તુરતજ મોકલાવી આપી. આ ઘટનાથી, અજ્ઞાન અને અભણ ભીલનાં આશ્ચર્યનો પારજ ન રહ્યો. ભણેલા મનુષ્યો લાંકડાંને પણ બોલાવી શકે છે એવા વિચારથી તે બ્રાહ્મણ દંપતીની વિદ્યા ઉપર મંત્રમુગ્ધ થઇ ગયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વીકાર સમાલોચના

૧ ધી થીયરી ઓફ કર્મ-લેખક એમ જી. મરચન્ટ B. A. (Hons) શ્રી લબ્ધિસૂરિજી જૈન ગ્રન્થમાળા ગારીયાધાર તરફથી

૨ શ્રી ઋષભદેવ સ્વામી-લેખક શ્રી રાજહંસ શ્રી લબ્ધિસૂરિજી જૈન ગ્રંથમાળા ગારીયાધાર તરફથી ઉપરના ગ્રંથો સાભાર સ્વીકારવામાં આવે છે

૩ **શ્રી મહાવીર વિદ્યાલય મુંબઇ ત્રીશમો વાર્ષિક રિપોર્ટ**–ત્રીશ વર્ષ થયા સ્થાપન થયેલ આ સંસ્થા તેના ખંતીલા કાર્યવાહકો અને શ્રીમાન જૈન બંધુઓના દરેક પ્રકારના સહકારથી ઘણી જ પ્રગતિ કરી રહેલ છે. ઉચ્ચ કેળવણીના ધ્યેયને જ મુખ્ય રાખી બીજી કોઇપણ કેળવણી સંસ્થા કરતાં ભારતમાં પ્રથમ પંક્તિએ છે રિપોર્ટ પણ વિસ્તારપૂર્વક પ્રકટ થયેલ છે. દરેક પ્રકારની સહાયને યોગ્ય છે. અમો ભવિષ્યમાં વિશેષ પ્રગતિશીલ થાય તેમ ઇચ્છીએ છીએ.

---

## સાહિત્યરસિક બંધુશ્રી મોહનલાલ દલીચંદ દેશાઇનો સ્વર્ગવાસ.

ગયા માસમાં મગજની બિમારી ભોગવી ભાઇ મોહનલાલનો સ્વર્ગવાસ થયો છે. તેઓ જેમ વકીલાતના ધંધામાં નિષ્ણાત હતા, તેમ ધર્મશ્રદ્ધા હોવા સાથે સાહિત્યકાર અને સાક્ષર હતા. જૈન ઐતિહાસિક સાહિત્ય જ તેમનો મુખ્ય વિષય હતો. જૈન ગૂર્જર કવિઓ ત્રણ વિભાગમાં, આત્માનંદ જન્મ શતાબ્દિ વગેરે ગ્રંથો ઘણા સંશોધન અને પરિશ્રમપૂર્વક લખી ઇતિહાસ સાહિત્યની વૃદ્ધિ કરી છે. જૈન હેરલ્ડના ઘણા વખત સુધી તંત્રી હતા. સ્વભાવે નીડર, શ્રદ્ધાળુ, માયાળુ હતા. આ સભામાં ઘણા વખતથી લાઇફ મેમ્બર હતા. સભાના પ્રકટ થતાં સાહિત્યના પ્રશંસક અને સભા ઉપર સંપૂર્ણ પ્રેમ ધરાવતાં હતા. તેઓના સ્વર્ગવાસથી જેમ એક સાહિત્યકારની સભાને ખોટ પડી છે. તેમ જૈન સમાજને પણ તેમની ખોટ પડી છે તેમના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીયે.

---

## ભાઇ જગજીવનદાસ ફુલચંદનો સ્વર્ગવાસ.

ભાઇ જગજીવનદાસ થોડા દિવસની બિમારી ભોગવી આ માસની શુદ ૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ આ શહેરના કાપડના મુખ્ય વ્યાપારી હતા. તે ધંધામાં પ્રવીણ થવાથી આર્થિક સ્થિતિ સારી સંપાદન કરી હતી. તેઓની ધર્મ પ્રત્યેની દઢ શ્રદ્ધા હતી. જૈન બંધુઓ પ્રત્યે પ્રેમ હોવાથી તેઓને કોઇ પણ પ્રકારની રાહત આપવી તેમનો ધ્યેય હોવાથી શ્રી દાદાવાડીમાં જૈન બંધુઓને રાહત આપવા તેવીશ હજાર રૂપીયા સેનીટેરીયમ બંધાવવા અત્રેના શ્રી સંઘને અર્પણ કર્યા હતા. તેઓને તે તૈયાર થયે જોવાની સંપૂર્ણ અભિલાષા છતાં ગમે તે કારણોથી તે જોઇ શકયા નથી. તે અંત સમય સુધી તેમને અબળતા રહી ગઇ છે બીજી કેટલીક સખાવતોના મનોરથ હોવા છતાં ભાવિભાવ બળવાન હોવાથી તે પ્રસંગ સાંપડી શકયો નથી. તેઓ શાંત, મિલનસાર, અને ભદ્રિક હતા. આ સભાના ઉપર પૂર્ણ પ્રેમ હોવાથી ઘણા વર્ષોથી લાઇફ મેમ્બર હતા. તેઓના પવિત્ર આત્માને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરવા સાથે તેમના સુપુત્રો વિનયચંદ, મોહનલાલ વગેરેને દિલાસો દેવા સાથે તેમના પગલે ચાલે તેમ સૂચના કરીયે છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિચારાય છે, આત્મકલ્યાણની ઇચ્છાવાળા, કોઈ પણ જૈન બંધુ કે બ્હેનના ફોટા, જીવનવૃત્તાંત આ ગ્રંથોમાં આપવામાં આવશે. યોજના ખર્ચ માટે અમોને લખી જણાવે સંતોષકારક ખુલાસો આપવામાં આવશે.

## ગુજરાતી ભાષાના તૈયાર થતાં ગ્રંથો.

### ૧ શ્રી વસુદેવ હિંડી ગ્રંથ. ( શ્રી સંઘદાસ ગણિકૃત ભાષાંતર. )

તત્વજ્ઞાન અને બીજી ઘણી બાબતોને પ્રમાણિક ઠરાવવા સાહ્યરૂપ આ ગ્રંથનું મૂળ બહુજ પ્રયત્નપૂર્વકનું સંશોધન સદ્દગત મુનિરાજશ્રી **ચતુરવિજયજી** મહારાજ તથા વિદ્યમાન સાક્ષરવર્ય **મુનિરાજ શ્રી પુણ્યવિજયજી** મહારાજે કરી જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભારતનો ઇતિહાસ તૈયાર કરવા માટે અજોડ અને બહુ જ પ્રાચીન ગ્રંથ છે. આવા બહુમૂલ્ય ગ્રંથનું ભાષાંતર વિદ્વાન બંધુ રા. રા. **ભોગીલાલ** જ. સાંડેસરા અમદાવાદવાળા પાસે તૈયાર કરાવેલ છે. કોઈ પુણ્યવાન અને સુકૃતની લક્ષ્મી પામેલ જૈન બંધુનું નામ આ ગ્રંથમાં ફોટો અને જીવનચરિત્ર સાથે જોડાય તેમ ઇચ્છીએ છીએ. આ ગ્રંથમાં અનેક ઐતિહાસિક સામગ્રી, અનેક જાણવાયોગ્ય વિષયો અને સુંદર કથાઓ આવેલી છે.

## છપાતાં ગુજરાતી ગ્રંથો.

૨ કથારત્નકોષ.

૩ શ્રી સંઘપતિ ચરિત્ર.

૪ શ્રી મહાવીરદેવના વખતની મહાદેવીઓ.

૫ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર.

જો કે છપાઈ રહેતાં શુમારે બે હજાર પાનાનું સુંદર વાંચન થશે. આવી સખ્ત મોંઘવારી છતાં સભા આ ઉત્તમોતમ સુંદર સાહિત્યના પ્રકાશનનું કાર્ય ઉદ્દેશ પ્રમાણે કરે છે. નવા થનારા લાઇફ મેમ્બરોને લાભ લેવા જેવું છે. જલદી નામ નોંધાવો.

નાં. ૧-૪-૫ માં આર્થિક સહાય આપનાર બંધુઓનું જીવનચરિત્ર ફોટા સાથે આપવામાં આવશે.

### ચંદ્રલેખા ચરિત્ર ( સંસ્કૃત ).

ઉપરોક્ત પ્રતાકારે ગ્રંથ પ્રાકૃત સંસ્કૃત ભાષાના અભ્યાસી મુનિ મહારાજાઓને ( બુક પોસ્ટ એક કોપીના બે આના પ્રમાણે કોઇ જૈન બંધુ મારફત મળેથી ) ભેટ મોકલવામાં આવશે. ભેટ મંગાવનાર મુનિરાજશ્રીએ પોતાના વડિલ ગુરૂરાજની આજ્ઞાપત્રથી મંગાવવા કૃપા કરવી.

### જોઇયે છીયે.

આ સભા માટે એક ગ્રેજ્યુએટ, જેમનું સંસ્કૃત જ્ઞાન પણ સારૂં હોય, સભાના સાહિત્ય પ્રકાશનોના પ્રૂફો જોઇ શકે, પત્ર વ્યવહાર કરી શકે તેવો એક હેડ કલાર્ક જોઇયે છીયે. પગાર માસિક રૂા. પચાશથી રૂા. સાઠ. બીજે સ્થળે સરવીસ કરી હોય તેના સર્ટીફીકેટ સાથે લખો—

**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**
સેક્રેટરીઓ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

## શ્રી તપોરત્ન મહોદધિ ( બીજી આવૃત્તિ. )

આગમો તથા પૂર્વાચાર્યકૃત ગ્રંથોમાંથી સંશોધન કરી ૧૬૨ તપોના નામ, તેની વિધિવિધાન દરેક તપોની ક્રિયાઓ સહિતની તેની હકીકતો ગુજરાતીમાં શાસ્ત્રીય ટાઇપથી પ્રતાકારે શુમારે ૧૭ ફોર્મ સુમારે બશેંહ પેજમાં છપાઇ તૈયાર થઇ ગયેલ છે. જે પોષ શુદ ૨ ના દીને બહાર પડશે. કિંમત લેઝર પેપરના રૂા. ૨–૮–૦ ગ્લેઝડ પેપરના રૂા. ૨–૦–૦ અગાઉથી પણ કેટલાક ગ્રાહકો થયેલ છે.

---

## દેવાધિદેવ શ્રીતીર્થંકર ભગવાનોના સુંદર ચરિત્રો.

નીચેના ગુજરાતી ગ્રંથોની માત્ર થોડી કોપીયો સિલકે છે. ફરી તે પણ છપાઇ શકે તેમ નથી, જલદી લાભ લેવા જેવું છે—

૧ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર (બીજો ભાગ) રૂા. ૨–૮–૦
૨ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર રૂા. ૨–૦–૦
૩ શ્રી વિમળનાથ ચરિત્ર રૂા. ૨–૦–૦

---

## સત્ત્વશાળી અને આદર્શ પુરુષ ચરિત્રો.

શ્રી સુમુખ નૃપાદિ ધર્મ પ્રભાવકોની કથા (સચિત્ર) ૧–૦–૦ શ્રી જૈન નરરત્ન "ભામાશાહ" ૨–૦–૦ શ્રી પૃથ્વીકુમાર ( સુકૃતસાગર ) ચરિત્ર ૧–૦–૦ શ્રી સમરસિંહ ચરિત્ર શત્રુંજયનો પંદરમો ઉદ્ધાર ૦–૪–૦ શ્રી કર્માશાહ ચરિત્ર શત્રુંજયનો સોળમો ઉદ્ધાર ૦–૪–૦ શ્રી કલિંગયુદ્ધ અને મહારાજા ખારવેલ ૦–૧૨–૦ શ્રી વિજયાનંદસૂરિ ૦–૮–૦. દાનપ્રદીપ દરેક ગ્રંથ પ્રભાવશાળી મહાન નરરત્નનાં ચરિત્ર સાથે ખાસ મનન કરવા જેવા, ઉપદેશક અને સાદી અને સરળ ભાષામાં, સુંદર ટાઇપ, આકર્ષક બાઇન્ડીંગ અને ઉંચા કાગળોમાં પ્રગટ થયેલ છે. પોસ્ટેજ સર્વનું અલગ.

---

શ્રી ચારિત્ર રત્ન ગણિ-વિરચિત—

## શ્રી દાનપ્રદીપ—

પંદરમા સૈકામાં ૬૬૭૫ શ્લોક પ્રમાણ રચેલા આ ગ્રંથનું આ સુંદર અને સરલ ગુજરાતીભાષાંતર છે.

**જિનાગમરૂપી અગ્નિ પાસેથી વિવિધ પ્રકારના અર્થરૂપી તેજને ગ્રહણ કરી જિન શાસનરૂપી ઘરમાં દાનરૂપી દીવાને** પ્રગટ કરવા, આ ગ્રંથની બાર પ્રકાશમાં રચના કરી છે. દાનના અનેક ભેદો–પ્રકારો, તેના આચારોનું વર્ણન અને તે ઉપર દાનવીરોના ઉત્તમ ૪૨ સુંદર મનન કરવા યોગ્ય સુંદર ચરિત્રો–સુંદર કથાઓ સાથે આપવામાં આવેલ છે. સાથે દેશથી અને સર્વથી દયાનું વિવેચન, દાનના ગુણો અને દોષોનું વર્ણન વગેરે હકીકત વિસ્તારથી આપેલ છે. જીવનને સન્માર્ગદર્શક, પિતા પેઠે સર્વ ઇચ્છિત આપનાર, માતાની પેઠે સર્વ પીડા દૂર કરનાર, મિત્રના પેઠે હર્ષ વધારનાર, મહા મંગળરૂપ, આત્મજ્ઞાનની ભાવનાઓ સ્ફુરિત કરનાર, નિર્મળ, સમ્યક્ત્વ, શ્રાવકત્વ, પરમાત્મત્વ પ્રગટ કરાવનાર દેદીપ્યમાન દાનધર્મરૂપી દીવો જિન પ્રવચનરુપી ઘરને વિષે ચોતરફ પામી અનેક જીવોને મોક્ષ પ્રાપ્ત કરાવે છે. એકંદરે આ અપૂર્વ ગ્રંથ નિરંતર પઠન પાઠન કરવા જેવો છે. ૫૦૦ પાનાનો ઉંચા પેપર ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં છપાયેલ છે. કિં. રૂા. ૩–૮–૦ પોસ્ટેજ જુદું.

---

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રીન્ટીંગ પ્રેસ : દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only